॥ હરિઃૐ ॥

# પદની રજધૂલિકાનો પ્રતાપ

લેખક
રમેશ મ. ભટ્ટ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑ **આવૃત્તિ વર્ષ પ્રત**

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૮૫ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૧૦ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૦૦

❑ પડતર કિંમત : **રૂ. ૦૦/-**

❑ વેચાણ કિંમત : **રૂ. ૦૦/-**

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

॥ હરિઃૐ ॥

# નિવેદન

પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ પછી તેઓશ્રીની સૂક્ષ્મભાવનાની ઝાંખી પામવાના હેતુથી આ પુસ્તિકા સાકાર બની છે. પૂજ્યશ્રીના દેહોત્સર્ગ પૂર્વેની ઘટનાના આલેખનમાં રહેલી હકીકતની યથાર્થતાને પૂ.શ્રી નંદુભાઈનું સમર્થન મળ્યું છે. એથી એ સંપૂર્ણ અધિકૃત બની છે, એ આનંદની વાત છે.

પ્રિય ભાઈશ્રી વિષ્ણુભાઈ પંડ્યાએ પૂજ્યશ્રી પરત્વેના પ્રેમ ભાવથી આ પુસ્તિકા છાપીને હરિઃ ૐ આશ્રમને સમર્પી છે. એમણે પૂજ્યશ્રી પ્રત્યે તથા હરિઃ ૐ આશ્રમ તરફત આત્મીયતા અનુભવી છે. એમના માટે આભારના શબ્દો નથી ! હું તો એમને ધન્યવાદ આપું છું. પ્રૂફ સુધારી આપવામાં સહાયભૂત થવા બદલ પ્રિય મિત્ર પ્રા. ઈન્દુકુમાર દેસાઈનો આભાર માનું છું.

૩૨, પંચવટી, મણિનગર, **રમેશ મ. ભટ્ટ**
અમદાવાદ - ૮

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | પૂજ્ય શ્રીમોટા | ૧ |
| ૨. | એ છે પ્રતાપ **પદ**ની રજધૂલિકાનો | - |
| ૩. | પૂજ્ય શ્રીમોટાનો દેહોત્સર્ગ | - |
| ૪. | દેહત્યાગ પૂર્વેના પળોમાં | - |
| ૫. | - હવે અંતિમ આરંભ | - |
| ૬. | સાધનામર્મ | - |

## ૧. પૂજ્ય શ્રીમોટા

હરિઃ ૐ આશ્રમના પ્રણેતા પૂજ્ય શ્રીમોટાએ ૧૯૭૬ની ૨૩ મી જુલાઈએ પોતાના પાર્થિવ દેહનો 'પોતાની મેળે' ત્યાગ કર્યો. પોતાના મૃત્યુ પછી 'ઈંટ-ચૂના'નું કોઈ સ્થૂળ સ્મારક ન રચતાં, એ નિમિત્તે જે નાણાંભંડોળ થાય તેનો પ્રાથમિક શાળાના ઓરડા બાંધવામાં ઉપયોગ કરવાનું પોતાના અંતેવાસી, સન્નિષ્ઠ કાર્યસંગી અને હરિઃ ૐ આશ્રમના વ્યવસ્થાપકટ્રસ્ટી શ્રી નંદુભાઈને સૂચવ્યું અને સોંપ્યું. પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગની આ અલૌકિક અને વિલક્ષણ રીતિથી, તેમજ તેઓશ્રીની અનન્ય અને અકારણ પ્રેમાભિવ્ય ક્તિથી ગુજરાતી પ્રજાએ કશીક અકળ લાગણી અનુભવી છે અને શ્રીમોટાની અંતિમ ભાવનાને સાકાર કરતી શ્રદ્ધાંજલિ પણ અર્પી છે એ સાંસ્કૃતિક જાગૃતિનું એક સૂચક ચિહ્ન છે.

૧૮૯૮માં ૪ થી સપ્ટેમ્બરે એક ગરીબ ભાવસાર કુટુંબમાં જન્મેલ ચૂનીભાઈ (મોટા) વિશાળ માનવસમુદાયના 'મોટા' બન્યા ત્યાં લગીની એમની જીવનયાત્રાને અને એમના કાર્યને ઘણાં જ પરિમાણો છે. રંગરેજ અને અફીણી પિતા આશારામના ચાર પુત્રોમાં બીજા પુત્ર ચૂનીભાઈનું બાળપણ કાળી મજૂરીમાં વીતેલું છે. પિતાના અવસાન પછી કુટુંબનું ભરણપોષણ કરવા વિધવા માતા સૂરજબાએ ઘરઘરનાં દળણાં દળ્યાં અને દીકરાઓને ઉછેરવા માંડ્યા. ચૂનીભાઈને બાળપણમાં લાગેલા 'ગરીબી'નાં મહેણાંને લીધે 'મોટા' માણસ બનવાની તમન્ના હતી. માટે ભણવાની તીવ્ર ઝંખનાને લીધે એમણે પ્રાથમિક

શિક્ષણ ઝડપથી પૂરું કર્યું. મહેનતમજૂરી કરી નિશાળમાં ભણવા માંડ્યું. મેટ્રિકની પરીક્ષા પસાર કરી વડદરા કૉલેજની હૉસ્ટેલમાં સહાધ્યાયીઓને ચાપાણી કરી આપી, કપરકાબી સાફ કરી, અભ્યાસ આરંભ્યો. દેશભક્તિની હાકલે વિદ્યાપીઠમાં જોડાયા. સ્નાતકના વર્ષમાં સ્વાતંત્ર્યસંગ્રામના પડકારે અભ્યાસનો ત્યાગ કરી હરિજન સેવામાં ઝંપલાવ્યું. આર્થિક ભીંસ, દેશસેવાનું ઝનૂન, કૌટુંબિક જવાબદારી, હરિજનસેવાનું આકરું કાર્ય, સામાજિક અપમાનો અને ત્રાસની પરંપરાને પરિણામે ફેફરાના રોગથી ત્રાસેલા ચૂનીભાઈએ બાવીસ વર્ષની યુવાન વયે આત્મહત્યા કરવા નર્મદામાં ઝંપલાવ્યું પણ કશીક અગોચર શક્તિથી એમાંથી ઊગરી જતાં, જીવનવહેણ બદલાયું.

તેઓશ્રીએ હરિજનસેવક સંઘની કામગીરી સાથે 'હરિઃ ૐ'ના નામસ્મરણ દ્વારા જીવનસાધના આરંભી. સંસારની વચ્ચે રહીને, અઢાર વરસ લગી, અવિરત કામગીરી દેશસેવા કરતાં કરતાં અનેક મરમીઓનું માર્ગદર્શન પામીને ઊર્ધ્વજીવન કાજેની આકરી, ગૂઢ, અને રહસ્યમય સાધના કરીને, પરમપદને પામ્યા. ૧૯૩૯ની રામનવમી (૨૯-૩-૩૯) પછી હરિજનસેવકસંઘના મંત્રીપદેથી રાજીનામું આપી, સહજ રીતે આવી મળતા જિજ્ઞાસુને સાધનામાર્ગે ગૂઢ પ્રેરણા અને માર્ગદર્શન કરાવવા લાગ્યા.

આમ છતાં ૧૯૪૨ના ગાળામાં હરિજનો માટે ફાળો એકત્ર કરવા એકલે હાથે ઘૂમ્યા. પોલીસોના માર, લોકોના ઠપકા, નેતાઓની ઉપેક્ષા દેશસેવાનું કાર્ય કર્યુ. આ કર્મ કરતાં કરતાં સાધકમિત્રોને માર્ગદર્શન આપવા અવિરત પત્રધારા તો ચાલુ

જ રાખી. ૧૯૪૭માં હરિઃ ૐ આશ્રમની સ્થાપનાનો સંકલ્પ જાગ્યો. ૧૯૫૦ થી ૧૯૬૨ દરમ્યાન નડિયાદમાં શેઢી નદીને કિનારે, સૂરતમાં તાપી નદીને કિનારે, કુંભકોણમ્‌માં કાવેરી નદીને અને નરોડા-અમદાવાદમાં હરિઃ ૐ આશ્રમોની સ્થાપના થઈ.

હરિઃ ૐ આશ્રમોમાં ઊર્ધ્વજીવનની સાધના માટે મથતી વ્યક્તિઓ માટે ઓરડાઓ બાંધી, એમની દૈનિક અનિવાર્ય જરૂરિયાતો પૂરી પાડી, મૌન-એકાન્ત માટે અનુકૂળતા કરી આપી; સાધક પોતાને યોગ્ય લાગે તે સાધન દ્વારા પોતાના આંતરજીવનનો પરિચય પામી શકે છે. પૂજ્ય શ્રીમોટાનું આ કાર્ય ઘણું જ ગૂઢ અને અકળ રહ્યું છે. આ મૌન-એકાન્ત મંદિરોમાં પૂજ્ય શ્રીમોટાની ચેતનાશક્તિનું અકળ અને વિલક્ષણ માર્ગદર્શન સાધકોને મળતું રહ્યું છે.

૧૯૬૨થી પૂજ્ય શ્રીમોટાએ પરમ ભાગવતી હેતુને સિદ્ધ કરવા ‘સમાજને બેઠો કરવાનું’ કાર્ય આરંભ્યું. પોતે લખેલા સંખ્યાબંધ પત્રોનાં પુસ્તકો પોતાના મિત્રોએ છપાવી આપેલાં. તેનું વેચાણ કરીને એકઠી કરેલી આશરે બાવન હજાર રૂપિયા જેટલી રકમનું દાન ગુજરાતી સાહિત્ય પરિષદને ચરણે ધરી, શ્રીઅરવિંદ, ભગિની નિવેદિતા જેવી વિભૂતિઓની ભાવનાસૃષ્ટિ પ્રત્યે લોકોનું ધ્યાન દોર્યું. એ પછી બીજાં ચૌદ વર્ષ જનસમાજ વચ્ચે અવિરત ઘૂમતા રહીને શ્રીમોટાએ સમાજનાં વિવિધ સ્તરોમાં ગુણ અને ભાવ પ્રસરે, અને પરિણામે ‘સમાજ બેઠો થાય’ એવી વિશિષ્ટ યોજનાઓ માટે એક રોડ રૂપિયા એકઠા કર્યાં. એ રકમ પૂરેપૂરી સમાજને ચરણે ધરી. પરમપદને પામ્યા

પછી લોકસંગ્રહ ખાતર સમાજ વચ્ચે ઘૂમીને 'અરુણ શૈલી'ની દાનગંગાનું અવતરણ કરાવવાનો ભગીરથ પુરુષાર્થ કરનાર પૂજ્ય શ્રીમોટાનું કાર્ય જેમ જેમ મૂલ્યાંકન પામશે તેમ તેમ એનો મહિમા પ્રજા પામશે.

પૂજ્ય શ્રીમોટાએ વ્યાપક માનવસમાજ માટે પોતાનું સર્વસ્વ ઉમળકાથી ન્યોછાવર કર્યું છે. તેઓશ્રીએ પોતાના જીવન અને કાર્ય દ્વારા પુરુષાર્થ, ત્યાગ, પરમાર્થ, સહિષ્ણુતા, ખમીર, હિંમત અને પ્રેમભાવનું એક જવલંત ઉદાહરણ પૂરું પાડ્યું છે. શ્રીમોટાના આધ્યાત્મિક જીવનની રહસ્યમયતા તો કોક મથતો શ્રેયાર્થી જીવ મૂલવશે ત્યારે જોવા-જાણવાં મળશે. કેમ કે તેઓશ્રીએ પોતાના જીવનનું એ ગૂઢત્વ પોતાના અક્ષરદેહમાં કલાત્મક રીતે ગોપાવી રાખ્યું છે.

પૂજ્ય શ્રીમોટાએ પોતાના પાર્થિવ દેહનો 'આનંદપૂર્વક' ત્યાગ કરી, જીવન તેમજ મૃત્યુની ઉત્તમતા અને મંગલમયતા પ્રગટ કરી છે. તેઓશ્રીનો સ્થૂળ દેહ આજે ન હોવા છતાં તેઓશ્રીનો અક્ષરદેહ આપણી વચ્ચે છે. એમના એ અક્ષરદેહનો પરિચય, તેઓશ્રીના પરમપ્રેમરૂપ વિશાળ હૃદયભાવનો સ્પર્શ કરાવ્યા વિના રહેતો નથી. આ દૃષ્ટિએ પણ પૂજ્ય શ્રીમોટા જિજ્ઞાસુઓ માટે સતત સક્રિય જ છે.

ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલા અધ્યાત્મ વિષયક સાહિત્યમાં પૂજ્ય શ્રીમોટાનાં પત્રસાહિત્ય અને પદ્યસાહિત્યનો વિપુલ અને વૈવિધ્યસર જથ્થો છે. પત્રો, ઉદ્‌બોધનો, ચરિત્રો, સ્તુતિ, કીર્તનો, પ્રાર્થનાઓ અને કવિવર ટાગોરનાં કેટલાંક કાવ્યોના ભાવાનુવાદો જેવાં વિવિધરૂપોમાં પૂજ્ય શ્રીમોટાનું

સાહિત્ય પ્રગટ થયેલું છે. તદુપરાંત છેલ્લાં છ વરસ દરમિયાન, પોતાના દેહને અતિપીડાકારી દર્દો હોવા છતાં, ત્રીસ ઉફરાંત પદ્યપુસ્તકો લખ્યાં છે. એમાં 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'કૃપા', 'રાગદ્વેષ', 'મોહ', 'શ્રીસદ્‌ગુરુ', જેવાં પુસ્તકો અમૂર્ત અને ભાવાત્મક વિષયને, અતિસરળ પદ્યરૂપમાં-અનુષ્ટુપ છંદમાં વિશદ કર્યા છે. ગઝલરૂપમાં લખાયેલું 'પ્રેમ' તો પૂજ્ય શ્રીમોટાની પરમપ્રેમ સાધનાનો અને અનુભવનો અતિગૂઢ ઈતિહાસ-સંકેત છે.

'જીવનદર્શન', 'જીવનસંશોધન', 'જીવનસોપાન' આદિ તેર જેટલાં પુસ્તકોમાં પૂજ્ય શ્રીમોટાએ જિજ્ઞાસુઓને લખેલા પત્રો છે. પુસ્તકનાં શીર્ષકો સૂચવે છે તેમ એ બધાં જ પત્રોમાં પૂજ્ય શ્રીમોટાએ મનુષ્યને મળેલા આ જીવનનો મહિમા કર્યો છે કેમ કે આ જીવન દ્વારા જ, આ જીવનમાં જ દિવ્યજીવનના અનુભવની શક્યતા છે.

પૂજ્ય શ્રીમોટાએ સંસારનો હેતુ પણ ઉચ્ચજીવનના અનુભવ માટે સ્વીકાર્યો છે. માટે તેઓશ્રીએ પોતાના આ પત્રોદ્વારા જીવનના રોજિંદા કર્મો તથા વ્યવહારોને કેવી ભૂમિકાથી, કેવા હેતુથી સ્વીકારવાં અને સત્કારવાં એનું સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે. જીવનના કો'ક આદર્શ ખાતર મરી મથવાની તમન્ના કેમ કેળવવી, અને એ માટે જીવનમાં સત્ત્વ ગુણોનું પ્રગાટ્ય ભાવપૂર્વક કેવી રીતે કરવું એનો ઉપદેશ તેઓશ્રીએ પોતાા જીવનના અનુભવોને વર્ણવતાં, વર્ણવતાં કર્યો છે. પરિણામે એમનાં આ પુસ્તકોમાં સંસારયાત્રી માટેનું વ્યવહારુ પાથેય આસ્વાદ્ય બની રહે છે.

પૂજ્ય શ્રીમોટાએ કર્મનો મહિમા સમજાવતાં કર્મની ગહન ગતિ, એના દૃઢ સંસ્કારો અને એનાં અકળ પરિણામોની જે સમજૂતી આપી છે એ ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલાં અન્ય ચિંતનપુસ્તકોમાંથી પ્રાપ્ત થવી મુશ્કેલ છે. પૂજ્ય શ્રીમટાની આ અનુભવચિંતનધારા વાચકને કર્મનો યથાર્થ મહિમા કરવા પ્રેરે છે. વળી પ્રમાદને હઠાવવાનો પુરુષાર્થ પણ બક્ષે છે.

પરંતુ સંસાર અને કર્મ એ મનુષ્યના જીવનઅનુભવ માટેનાં સાધનમાત્ર છે. એ દ્વારા માનવીએ તો પ્રભુભાવને અનુભવવાને મથવાનું છે. માણસે એના જીવનધ્યેયને સતત નજર સમક્ષ રાખવાનું છે. એ માટેની જાગૃતિ અને સભાનતા સાથેની એની યાત્રાથી જ એ ઊર્ધ્વગતિ કરી શકે. પૂજ્ય શ્રીમોટાએ એમના વિપુલ પત્રસાહિત્યમાં 'જાગૃતિ' - 'સભાનતા' માટે વારંવાર કહ્યું છે. પૂજ્ય શ્રીમોટાએ એમના સાધનામાર્ગને 'જાગૃતિયોગ' કહ્યો છે.

એમના સાધનામાર્ગની બીજી વિશેષતા એ છે કે આ સાધના કાજે સંસારથી ભાગવાનું નથી. માટે પ્રત્યેક વસ્તુ, વિચાર, લાગણી, ઊર્મિ, ભાવ તેમજ સાંસારિક સંબંધો, વ્યવહારો, પરિસ્થિતિ, સંજોગો; સુખ, દુઃખ, આપત્તિ આદિનો ધ્યેયની સભાનતા સાથે ઉપયોગ કરવાનો છે. પૂજ્ય શ્રીમોટાએ ઉપભોગમાં ગુલામીનો ભાવ જોયો છે. મનુષ્યને મળેલી આંતરિક સંપત્તિ, વિચારવિકાર, વૃત્તિ આદિનો પ્રભુને પામવા કાજે ઉપયોગ કરવાથી એ સર્વ વલણો પર સ્વામિત્વ-કાબૂ આવે છે. ઉપભોગના ત્યાગ દ્વારા ઉપયોગ સિદ્ધ કરવાનો છે. ભોગને યોગમાં રૂપાંતરિક કરવાની પૂજ્ય શ્રીમોટાની રીતિ વિરલ છે.

એ માટે સંસાર વચ્ચે રહીને આચરી શકાય એવાં સાધનોમાં ભગવાનના નામસ્મરણનો મહિમા પૂજ્ય શ્રીમોટાએ દિલના પૂરા ઉમળકાથી ગાયો છે. અવિરત નામસ્મરણથી અંતઃકરણોનો કેવો લાક્ષણિક અને અ-લૌકિક વિકાસ સધાય છે. એની બુદ્ધિગમ્ય સમજૂતી પૂજ્ય શ્રીમોટાએ આપી છે. આ ઉપરાંત, ભજન, કીર્તન, પ્રાર્થના, આત્મનિવેદન, સમર્પણ ભાવના આદિ સાધનોની યથાર્થતા અને ઉપયોગિતા તેઓશ્રીએ સમજાવી છે. આ સાધનો સાધ્યને ખાતર સાધવાનાં છે. એનો સતત અભ્યાસ કરી, એને નિરંતરતામાં પ્રગટાવવાનાં છે. અને છેલ્લે એનું સાધ્યમાં સમર્પણ કરી, એનીય પાર નીકળીને અતિસૂક્ષ્મ અનુભવની યાત્રા કરવાની છે. પૂજ્ય શ્રીમોટાનાં લખાણોમાં સૂક્ષ્મજીવનની યાત્રાના ઘણા જ સંકેતો મળે છે. આ ઉપરાંત પૂજ્ય શ્રીમોટાએ ધ્યાન, ધારણા, ત્રાટક, જેવાં ગૂઢ યોગસાધનો વિષે પણ સમજૂતી અને માર્ગદર્શન આપ્યાં છે.

પૂજ્ય શ્રીમોટાના પ્રગટ સાહિત્ય સાથે અન્ય મહાત્માઓનાં લખાણોનું સામ્ય કેટલાક વિદ્વાનોને જણાયું છે. શ્રી ઉમાશંકર જોશીએ 'મનને'માં મહારાષ્ટ્રના સંત નામદેવના 'મનાચે શ્લોક'ની; શ્રી નગીનદાસ પારેખને 'નર્મદાપદે'માં કેટલાક સંસ્કૃત કવિઓની રચનાઓની; અને પ્રો. રા. બ. આઠવલેને પૂજ્ય શ્રીમોટાના પત્રોમાં શ્રીઅરવિંદના પત્રોની છાયા ભાસી છે. પૂજ્ય શ્રીમોટાના લખાઓમાં જોવાયેલું આ આકસ્મિક સામ્ય તે તે લેખકોના 'અનુભવ'નું છે. પૂજ્ય શ્રીમોટાએ પોતાના જીવન દરમિયાન અવિરત કામ કર્યું છે. માત્ર 'ભગવદ્‌ગીતા'

સિવાય તેઓશ્રીએ બીજાં કોઈ શાસ્ત્રો કે પુસ્તકો વાંચ્યાં નથી. એ હકીકત સિદ્ધ કરે છે કે પૂજ્ય શ્રીમોટાનું લખાણ એમના આંતરાનુભવની વાણી છે.

પૂજ્ય શ્રીમોટાને ગદ્ય લખવા કરતાં પદ્યમાં વ્યક્ત થવાનું અધિક સહજ હતું. ગદ્ય લખાણમાં તેઓશ્રીની વાક્યરચના ઘણીવાર સંકુલ બની જતી, છતાં એમાં કશી દુર્બોધતા પ્રગટતી નહિ. જ્યારે પદ્ય લખાણોમાં તેઓશ્રી વાત કરતા હોય એટલી સહજતાથી અધિક વિશદ બની શકતા. તેઓશ્રીનું કથન પદ્યમાં ટૂંકું અને ચોટદાર બની રહે છે. તેઓશ્રીએ વિવિધ છંદો પ્રયોજ્યાં છે. પણ અનુષ્ટુપ એમને ફાવી ગયેલો છંદ છે, આમ છતાં હરિગીત, વસંતતલિકા, શાર્દૂલવિક્રીડિત, મંદાક્રાન્તા, શિખરિણી, ભુજંગી, ઝૂલણા, આદિ સંસ્કૃત છંદો સહજ રીતે પ્રયોજ્યા છે. પરંતુ 'શ્રી ગંગાચરણે' નામના સ્તુતિ કાવ્યની પ્રત્યેક પંક્તિમાં શિખરિણી-મંદાક્રાન્તાનું પ્રયોજન વિશિષ્ટ છે. પૂજ્ય શ્રીમોટાની આવી રચનાઓ સાહિત્યિક અભ્યાસની દૃષ્ટિએ મૂલવવા જેવી છે.

પૂજ્ય શ્રીમોટાનું પ્રકાશિત સાહિત્ય એ તેઓશ્રીનું એક મહાન કાર્ય છે. એમાંથી અનુભવાતો એમના પ્રેમાળ મધુર હૃદયનો સ્પર્શ; ગહન-ગૂઢ એન તત્ત્વપૂર્ણ વિષયની સરળ સાદી અને ક્યારેક તો ગામઠી ભાષામાં સમજૂતી; શાસ્ત્રીય પરિભાષાના ઉપકરણ વિના શાસ્ત્રીય વિષયનું સૂત્રાત્મક; વિશદ અને નૂતન બુદ્ધિગમ્ય અર્થપ્રતિપાદક વિવરણ આદિ સાહિત્યિક વલણોને આ લખાણોમાં અનુભવી શકાશે.

પૂજ્ય શ્રીમોટા ગુજરાતી પ્રજાના વહાલસોયા ‘મોટા’ બની રહ્યાં છે. એમના અક્ષરદેહની ઉપાસના-આરાધના આપણા બુદ્ધિજીવી પ્રજાવર્ગને અનેક રીતે માર્ગદર્શક અને પ્રેરક બની રહે તેવી છે. આ બધું લખાણ એમના પરમપ્રેમભાવનું એક લાક્ષણિક અલૌકિક સ્ફુરણ છે. એમનું એ રીતે પ્રગટેલું વહાલ ગુજરાતની પ્રજા માણે-નાણે અને એ રીતે એમને પ્રમાણે એવી ભાવના, આ લેખ પૂરો કરતાં વ્યક્ત કરું છું.

❑ ❑ ❑

## ૨. ‘એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો’

(૧)

તા.૨૯-૩-૩૯ એ રામનવમીનો દિવસ હતો. એ રાત્રે પૂજ્ય શ્રીમોટાને કાશીમાં અદ્વૈતનો સાક્ષાત્કાર થયો. એ અગાઉ કરાંચીમાં બાબાએ અત્યંત ગુપ્તપણે આપેલી વિદ્યાનો પ્રયોગ કરવા તા. ૨૦-૩-૩૯ના રોજ પૂ. શ્રીમોટા પોતાના ઉતારા-સ્થાનના (કાશી) મેડા પર ગયા. ત્યારે એમના શરીરની સ્થિતિનું વર્ણન કરતાં તેઓશ્રી લખે છે : ‘હજી શરૂઆત થઈ ત્યાં જ સમગ્ર ચેતન એકાગ્ર થતું અનુભવાયું. શરીર, મન, બીજાં બધાં કરણો ભિન્ન છે એવું સ્પષ્ટપણે અનુભવાતું ગયું. થોડીકવાર થઈ ત્યાં તો માથાના વચલા ભાગમાં સખત ગરમીના ઝરા વહેતા હોય એમ ભાન જાગ્યું, ને આખા શરીરમાં એની અસહ્ય બળતરા થઈ. ભાન ઊડી ગયું, લગભગ બેભાન થઈ

ગયેલો. પડી જવાયું પણ હતું. જીભ લગભગ બળી ગયા જેવી થઈ ગઈ હતી ને છાતી બળ્યા કરતી હતી. પેટથી છેક નીચેના ભાગ પર તો તે ભાગ પૂરેપૂરો બળી ગયેલો હોય તેવું જણાયું. આખું શરીર લાય જેવું ગરમ બની ગયું હતું.......... થોડી વારે કંઈક કળ વળી. આની અસર બે દિવસ રહી.'

આ પછી તા. ૨૯-૩-૩૯ના રોજ રામનવમીની રાત્રે અદ્વૈત સાક્ષાત્કારનો જે અનુભવ થયેલો તેનું વર્ણન અન્યત્ર પ્રગટ થયેલું છે. પરમપદના દિવ્યપ્રેમના પ્રતિષ્ઠિત અને સક્રીય અનુભવ પછી શ્રીમોટાનું શરીર ચેતનના અનુભવની અપેક્ષાએ 'ભિન્ન' બની ગયું હતું. તા. ૬-૪-૩૯ના તેમના એક પત્રમમાં તેઓશ્રી લખે છે : શરીર પાછું ઠીક રહેતું નથી. પહેલાંની જેમ પાછો ઘણો થાક લાગે છે. માથું બહુ ભારે રહે છે. મોંમા કડવાશની લાગણી ઘણી રહે છે, તાવ રહ્યા કરે છે, ઉધરસ પણ છે. ને આખા શરીરે ગરમી ગરમી લાગે છે........... મોઢા પર ઘણી ફીકાશ લાગે છે .......... ડૉ. બાળકૃષ્ણ અમરજી પાઠકે (બનારસ હિન્દુ યુનિવર્સિટીના આયુર્વેદિક કૉલેજના પ્રિન્સિપાલ) શરીરને સારી રીતે પેઠે તપાસ્યું. ત્યારથી પ્રેમથી દવા આપ્યા કરે છે. દવાથી કંઈ ખાસ ફાયદો તો નથી. આ શરીર કેવાં કેવાં ગતકડાં કરે છે ! જુદાજુદા દાક્તરો ને વૈદ્યો જુદાં જુદાં નિદાન કરે છે ને દવા આપે છે.

પોતાના શરીરની આવી સ્થિતિ પાછળની રહસ્યમયતાને પૂજ્ય શ્રીમોટાએ 'ગતકડાં' શબ્દમાં ગોપાવી દીધી છે. પરમ

પ્રેમની અપૂર્વ અને અકળ રહસ્યમતાને પોતાના આધારમાં પ્રતિષ્ઠિત કર્યા પછી, પોતે આનંદરૂપ બનેલા હતાં. છતાં 'આટલું જ છે ને હવે આગળ નહિં એવું આ માર્ગમાં કશું નથી. આ માર્ગ તો અનંત છે.... પ્રભુકૃપાથી એકમાત્ર આનંદની ભૂમિકા પર જે તે બધું અહીં તો આ આધારમાં થયા કરે છે' એમ એ જ તારીખના પત્રમાં લખ્યું છે. એ સ્પષ્ટ કરે છે કે પૂજ્ય શ્રીમોટાના આધારમાં (દેહ તેમજ મનાદિમાં) આનંદની ભૂમિકા હતી. અને સક્રિય રીતે વિકસતી રહેલી હતી. બાહ્ય કરણ - શરીર એક પ્રકારની લીલારૂપે દૃશ્યમાન હતું અને ચેતન આનંદરૂપ બની રહેલું હતું. એથી તેઓશ્રીએ સ્પષ્ટ લખ્યું છે કે, 'પરમકૃપાળુ શ્રી ભગવાને હવે આ આ જીવનો સ્વાંગ અને જીવનપ્રવાહ એક રીતે બદલાવ્યો છે. જોઉં છું કે, મારે एના નિમિત્ત રૂપે બનીને જે જે સ્વજનો આ માર્ગે વળવાના હેતુથી મળશે તેમને एની કૃપાથી આ માર્ગે દોરવાનાં છે.' શરીર દ્વારા ધારણ થયેલો આ નૂતન આંતરિક આધાર-સ્વાંગ અને વ્યક્ત થયેલો જણાતો વહેલો જીવનપ્રવાહ પણ શ્રીભગવાને 'એક રીતે બદલાવેલી' અવસ્થા છે. એથી એ અવસ્થા પછી જે જે એમને મળ્યાં એમને તેઓશ્રીએ પ્રભુનાં નિમિત્તરૂપ ગણીને 'સ્વજન' કહ્યાં. જે ચેતનરૂપ બન્યા છે તે ચેતનઅંશોને 'સ્વજન' જ કહે ને ?

આ રીતે ૧૯૩૯ થી ૧૯૭૬ લગીના પૂજ્ય શ્રીમોટાના 'બદલાવાયેલા' જીવનપ્રવાહમાં તેઓશ્રી પરત્વે અસંખ્ય જીવોએ અકળ આકર્ષણ અનુભવ્યું છે. પરંતુ એ આકર્ષણ માત્ર દેહ કે

બીજાં કોઈ કારણને લીધે નહોતું - આથી તેઓશ્રીએ દાંડી પીટીને સૂક્ષ્મભાવ પ્રતિ અભિમુખ થવા સૌને કહ્યું છે. પૂજ્ય શ્રીમોટાના પ્રેમસ્પર્શનું એક ભાવભીનું ચિત્ર તેઓશ્રીએ તા. ૭-૯-૩૯ના રોજ કરાંચી જતાં, હૈદ્રાબાદ સ્ટેશનેથી લખેલા પત્રમાં કર્યું છે. આ પત્ર પૂજ્ય શ્રીમોટાની સૂક્ષ્મભાવનાને સ્પષ્ટ કરે છે : 'ગઈકાલ સવારનું પ્રેમમય વાતાવરણ ભૂલી શકાય નહિ. કેટલાં બધાં એકઠાં થયેલાં ! ને તે પણ કેટલા ઉમળકાથી, પ્રેમભાવથી ! આવી વિદાય મળે એવો આટલાં બધાંનો પ્રેમ, એ --ની મોટામાં મોટી કૃપા છે............. આશ્રમમાં માત્ર ટૂંકમાં ટૂંકી ચડ્ડી પહેરીને ફરનાર, જાણી જોઈને 'બાધા' જેવો દેખાનાર, કહેવાતી સભ્યતા જરાકે ન પાળનાર, ગાંધીજીના આશ્રમ જેવા ગંભીર વાતાવરણમાં પણ મોટેથી બૂમો પાડીને કેટલાયને આઘાત, ને તે નહિ તો તાજુબી, કંઈક ને ધૃણા ને અવમાનના ઉપજાવનાર, કેટલાંયને અભણ દેખાના-તમને તો જાતમાહિતી છે કે કેટલીક આશ્રમ કન્યાઓ તો મને ગાંડો ગણતી ને કેવી પજવતી ! ત્યાંની અસહ્ય રીતભાતમાં પણ તદ્દન બોડકું માથું રાખી તદ્દન નિઃસંકોચપણે ફરનાર, અરે, ફાટેલાં કપડાં પહેરી સેન્ટ્રલ બેન્કમાં જવાથી ક્લાર્ક પૈસા આપવાની ના પાડે ને તેથી મેનેજરને મળવું પડે એવો દેખાવ ધારનાર, બને તેટલી રીતે સાવ ગમાર દેખાનાર ને અક્કલ હોંશિયારીનો તો મોઢા પર છાંટોય ન મળે ને એવી રીતે 'ગધેડા'ની ઉપમા પામનાર, એવા મારા પર આ બધાંનો આટલો ભાવ ક્યાંથી ?

આવું શાથી બને છે એ જાણવું એ તમારે માટે હવે જરૂરી

છે. જેના અસભ્ય પોષાક, હાવભાવ વલણવર્તનના દેખાવથી બહેનોને (અજાણી હોય તો પણ) થોડીઘણી ધૃણા ઉપજે એવા પર બધી બહેનોનો પ્રેમનો વરસાદ વરસે તે શાથી ?

(શિખરીણી)

'દીસે બારે મેઘો સમ વરસતો પ્રેમ જીવને
ડૂબે છે તેમાં જે તરી જઈ બને ધન્ય બસ તે.'

આટલો બધો ને આવો ભાવ મળે એ તો તમે પ્રત્યક્ષ જોયું- પરંતુ તે શાથી ?

(વસંતતલિકા)

'એ છે પ્રતાપ --ની રજધૂલિકાનો,
દાંડી પીટી જગતને કહું-ધ્યાન લેજો.'

પૂજ્ય શ્રીમોટાના શરીરના રૂપમાં અને વ્યવહારની એમની અભિવ્યક્તિમાં આકર્ષણ થવા માટેનાં આટલાં બધાં વિરોધી કારણો હોવા છતાં એમના પરત્વે જે આકર્ષણ અનુભવાતું હતું એ પ્રેમમય જીવનની ધન્યતા હતી. જે પ્રેમ બારે મેઘ સમો વરસી રહ્યો છે એમાં જે ડૂબે છે એ જ તરી જઈને ધન્ય બને છે. આવા સર્વવ્યાપક પરમપ્રેમતત્ત્વમાં ડૂબેલા, અને તેથી જ તરતા રહેલા પૂજ્ય શ્રીમોટાના જીવનપ્રવાહની ધન્યતાનો સ્પર્શ અનેક જીવોને થઈ રહ્યો હતો - એ પ્રભાવ-પ્રતાપ-તો એ પરમપ્રેમપદની રજધૂલિકાનો હતો. આવા પરમઆંતરસત્વ પરત્વે ધ્યાન દેવાનું પૂજ્ય શ્રીમોટાએ જીવમાત્રને કહ્યું છે. પૂજ્ય શ્રીમોટાએ શરીરને સાધન-રૂપ માન્યું છે એ માટે અવગણ્યું નથી, પણ શરીર એ સર્વનું 'કારણ' ન હોવાથી એનો મહિમા કર્યો નથી. એ જ એમની વિશિષ્ટતા છે.

(૨)

પૂજ્ય શ્રીમોટાએ પોતાને વિશે જ્યારે પણ લખ્યું છે, ત્યારે પોતાને માટે "आ जीव" એવો શબ્દ પ્રયોજ્યો છે. પૂજ્ય શ્રીમોટાનો "આ જીવ" અને શરીર તો ચેતનને વ્યક્ત થવાનાં સાધનમાત્ર હતાં - ઉપકરણ હતાં, પણ એ પોતે તો ચેતનરૂપ જ હતાં. તેઓશ્રીએ લખ્યું છે કે "તમે જે લાગણી આ જીવ પરત્વે રાખો છો તે મોટાં નામે ઓળખાવાતી વ્યક્તિ પરત્વે નહિ પરંતુ તેમાં જે "ચેતનભાવ" પ્રગટેલો છે, તે ભાવ પરત્વે અને તે ભાવના અવિર્ભાવ પરત્વે તે લાગણી રાખો છો."

તેઓશ્રીને બીજા એક પત્રમાં લખ્યું છે કે "મોટા" એ કંઈ માટીનું ઢેફું નથી એ તો "જીવતું જાગતું ચેતન" છે. તેઓશ્રીએ "સાધનામર્મ"માંના કેટલાક આદેશોમાં એક આદેશ એ આપ્યો છે કે "સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો."

આટલાં ઈંગિતો પૂજ્ય શ્રીમોટાના સ્વરૂપની પ્રતીતિ કરાવવાં પૂરતાં છે. આ પરથી એટલું તો સમજી શકાય એમ છે કે પૂજ્ય શ્રીમોટાએ ૧૯૩૯થી ૧૯૭૬ની બાવીસ જુલાઈ સુધી જે કાંઈ વ્યક્ત કર્યું છે, એમાં ચેતના ગુણધર્મો રહેલાં છે. પૂજ્ય શ્રીમોટાનું શરીર તો છેક સુધી "ગતકડાં" કરતું જ રહ્યું.

૧૯૩૯ની રામનવમી પછી છત્રીસ વરસની રામનવમીઓ આવી છે. એ દિવસોએ અનંતકાળના પરિમાણમાં કેવાં કેવાં ચક્રો ગતિમાન થઈને તેઓશ્રીના આધારને અનંતમાં રમમાણ કરાવતા હશે, તે વિષે વિચારવાનું કે લખવાનું ગજુ કે કક્ષા પ્રકતિપ્રવાહમાં જીવતી વ્યક્તિમાં નથી. તેઓશ્રી કહેતા હતા

કે બદલાતું વર્ષ પ્રત્યેક જીવના દેહની તેમજ મનાદિની કક્ષામાં ઉત્ક્રાન્તિ સર્જે છે ! એ દિવસ-એ ક્ષણ સત્કારાત્મક અને સ્વીકારાત્મક બને એવી સભાનતા રાખવા ખાતર "જન્મદિન" આદિ દિવસોની ઉજવણી કરવાની હોય છે. જો સામાન્ય માનવીના ભૌતિક જીવન માટે આ હકીકત પ્રતીતિકર હોય તો અનંતાનંતના અનુભવમાં 'ડૂબીને તરેલા' પૂજ્ય શ્રીમોટા માટે રામનવમીનો દિવસ કેટલી બધી મહત્તા ધરાવતો હશે ! માટે પૂજ્ય શ્રીમોટાની આધ્યાત્મિક ઉત્ક્રાન્તિની દૃષ્ટિએ રામનવમીના દિવસનું મૂલ્ય ગણું જ નોંધપાત્ર છે.

અમદાવાદના ટાઉનહોલમાં ૧૯૬૭માં પ્રથમ વાર જ તેઓશ્રીના શરીરના જન્મદિને ઉત્સવ ઉજવાયેલો. તે દિવસે પૂજ્યશ્રી મોટાને આ લખનારે પણ સાંભળેલા. એ વખતે તેઓશ્રીએ ભાવવિભોર અવસ્થામાં "નટવર"ને - શ્રેષ્ઠનટ પ્રભુને જીવમાત્રના આધારમાં છુપાયેલો સૂતેલો છે, એમ કહેલું ને પછી સૌ પાસે હૃદયનો પ્રેમ માગેલો.

પણ આ કાળમાં માનવીમાત્રનો સ્નેહ ધનમાં કેન્દ્રિત થયેલો છે. તેથી જ કદાચ 'મોટા'એ લોકો પાસેથી ધનની જ માગણી કરવા માંડી હશે ! એ વખતે પણ પૂજ્ય શ્રીમોટાનું શરી રોગગ્રસ્ત હતું, એવું તેઓશ્રીને નજરે જોનારને બિલકુલ જણાતું નહિ.

૧૯૬૯માં પૂજ્ય શ્રીમોટાએ એ મતલબનું કહેલું, 'હજી હજારોની સંખ્યામાં લોકો મારી પાસે આવવાના છે, પણ મારા ગુરુ મહારાજનો હુકમ છે કે, જ્યારે તારી ખૂબ કીર્તિ થાય ત્યારે તું એવું કરી બેસજે કે બધા તારાથી દૂર રહે !' ત્યારે તો

એમ કલ્પેલું કે, મુક્તપુરુષને ઘણીવાર ભયંકર રોગ પણ થાય છે. પૂ. રામકૃષ્ણ પરમહંસને કેન્સરનો વ્યાધિ થયેલો. એમાંથી સમર્થન મળેલું કે પૂ. મોટાના શરીરમાં એવું કંઈક થાય ! પરંતુ પૂજ્ય શ્રીમોટાએ કળાથી એવું 'ગતકડું' થવા દીધું કે, ૧૯૭૬ની બાવીસમી જુલાઈએ એમની સમીપમાં માત્ર છ જ વ્યક્તિઓ હાજર રહી શકી. લાખો ચાહકોને-પ્રશંસકોને તેઓશ્રીએ અનોખી કળાથી પોતાના શરીરથી દૂર રાખ્યાં છે. પૂજ્ય શ્રીમોટાએ આમ કરવામાં, 'ગુરુમહારાજનો હુકમ પાળ્યો છે.' એમ તેઓશ્રીને નોંધ્યું છે. પૂજ્ય શ્રીમોટા માટે 'ગુરુમહારાજ'એ તો 'જીવતા જાગતા ચેતન'નો પર્યાય છે. એ વાત તો તેઓશ્રીએ અનેક વખત અનેક રીતે લખી છે.

૧૯૬૫ થી ૧૯૭૫ લખી લાખો વ્યક્તિઓ પૂજ્ય શ્રીમોટાનો પ્રેમસ્પર્શ પામી, અને કરોડ રૂપિયા જેટલી રકમ તેઓશ્રીએ મેળવીને, સમાજને ચરણે સમર્પિત કરી. ૨૨-૯-૧૯૬૭ (ભાદરવા વદ : ૪) - શરીરના જન્મદિને પૂજ્ય શ્રીમોટાએ જાહેર કરેલું કે કોઈ નિમંત્રે ને દક્ષિણા આપે એમને ત્યાં રોટલા ખાવા જવું અને ૧૯૭૫ના રામનવમીના દિવસે તેઓશ્રીએ અમદાવાદના ટાઉનહૉલમાં જ જાહેરાત કરી કે "હવે મારે કોઈ ઉત્સવો કરાવવા નથી. હવે હું અમદાવાદ આવવાનો નથી. હવે કોઈ મને મળવા-કરવા આશ્રમે આવશો નહિ. મોટાને મળવા આવો તે કરતાં તેટલો સમય ભગવાનના સ્મરણમાં ગાળશો કે, પરમાર્થના કામમાં ગાળશો તો મને મળવા આવ્યાથી પણ તેને હું અધિક ગણીશ."

પૂજ્ય શ્રીમોટાએ પોતાના શરીરના જન્મદિને (૧૯૬૭માં)

જાહેર કરેલી વાત, અને એ જ સ્થળેથી પોતાના આંતર જીવનના સાક્ષાત્કાર દિને (૧૯૭૫) જાહેર કરેલી વાત સ્થળસમયની દષ્ટિએ કેટલી સૂચક છે એ સુજ્ઞ વાચક પોતે શોધી શકશે.

પૂજ્ય શ્રીમોટાના દષ્ટિગોચર થતા કાર્યનો ૧૯૭૫ની રામનવમીએ રામનવમીના નવ ઉત્સવો થયા. આ પછી બે માસ પછી તા.૯-૬-૧૯૭૫ના રોજ પૂજ્ય શ્રીમોટાએ લખ્યું કે, આધ્યાત્મિક માર્ગમાં લોકોએ ચમત્કારોને બહુ મહત્ત્વ આપ્યું છે. તે બિરદાવવા જેવું નથી............ મારે મારા ચાહકોને પણ તે વિષે વિનંતી કરવાની કે તમારા જીવનમાં મારી પ્રાર્થનાથી કરીને કોઈ શુભ ઘટના બની હોય તો તે માટે મને ન બિરદાવતાં મારા ભગવાનને બિરદાવજો કારણ મેં તો તે માટે પ્રાર્થના કરી હતી, પરંતુ તમારું પાર પાડવાનું કામ તો "એ"ના હાથમાં હતું, અને એણે તે પાર પાડ્યું, માટે તેના ગુણગાન ગાજો. ભગવાને મને એનો ખેપિયો બનાવ્યો છે અને મને તે જે આદેશ આપે છે તે તમને હું આપું છું. મને તેમાં આનંદ છે.

માનવીનું કશું મહત્ત્વ નથી, મહત્ત્વ તો એ સર્વ શક્તિમાન ભગવાનનું છે. મારી આ વાત જ્યારે તમને ઠસી જશે, ત્યારે ટાઉનહૉલમાં (૧૯૭૫ની) રામનવમીએ મેં કરેલી વાત યાદ કરજો!

પૂજ્યશ્રી મોટાએ ટાઉનહૉલમાં કરેલી વાતનો મર્મ આ લખાણમાં રહેલો છે. પૂજ્યશ્રી મોટાનો કોઈ ચાહક સ્થૂળમાં રાચતો ન બને, માત્ર સ્થૂળના મોહમાં અટવાય નહિ એટલા

માટે તેઓશ્રીએ આ મર્મવચન કહ્યાં છે. આમાં માનવહૃદયમાં રહેલી સદ્‌ભુતરસિકતાના નશા સામે ચેતવણી છે - તે સાથે સર્વશક્તિમાન ભગવાનની શક્તિનો મહિમા હૃદયમાં સ્થાપિત કરવાનો ઈશારોય છે.

પૂજ્ય શ્રીમોટાએ પોતાના 'હૃદયના હૃદયમાં'- ભગવાનની જે સર્વ શક્તિમત્તાનો અનુભવ પ્રતિષ્ઠિત કરી સક્રિય કરેલો, એ તરફ માનવીમાત્રનું ધ્યાન રહે - અને એ રીતે સર્વશક્તિમાન ભગવાનનું સ્મરણ રહે એમ સૂચવ્યું છે. પાર્થિવદેહનો સ્થૂળભાવનો મહિમા ન થાય એ માટે તેઓશ્રીએ સૌને ચેતવ્યા છે અને જાગૃત પણ કર્યા છે. તેઓશ્રીનો આ સંદેશ આજના વૈજ્ઞાનિકયુગમાં ઘણો જ અર્થપૂર્ણ અને સંશોધન પ્રેરક છે. જીવનની રહસ્યમયતાની અવિરત શોધ બૌદ્ધિક ક્ષમતા અને ધીરજયુક્ત આકરો પુરુષાર્થ માગી લે છે.

તેઓશ્રી એમના શરીરથી કેવા ઊફરા રહી શકતા હતા - એ આવા પ્રકારના સંશોધન માટે પડકાર છે.

(૩)

૧૯૭૬ની રામનવમીને દિવસે પૂજ્ય શ્રીમોટા ફાજલપુર મુકામે શ્રી રમણભાઈ અમીનના ફાર્મહાઉસમાં હતા. એમનું શરીર રોગોથી ઘેરાતું જતું હતું. છેલ્લા એક વરસમાં તો શરીરમાં રહેલા તમામ રોગોના દર્દની તીવ્રતા અનેકગણી વધી હતી. પોતાના 'સ્વજનો'-ચાહકોને ૧૯૭૫થી સ્થૂલ રીતે મળવાનું ત્યજી દેવાનું કહી દઈને સ્વજનો સ્મરણ દ્વારા મળે - સૂક્ષ્મભાવના કેળવે એ માટેનો તેઓશ્રીએ સવા વરસનો

એક 'પ્રેક્ટીકલ પીરિયડ'-પ્રાયોગિક તાસ આપ્યો. પોતે પણ પૈસા માગવાનું બંધ કર્યું. અન્યને પણ ફાળો એકત્ર કરવાનું બંધ કરાવ્યું. પોતાનાં ચાર પુસ્તકોના પુનર્મુદ્રણ માટે આવેલા સોળ હજાર રૂપિયા પરત કરાવાયા. પૂજ્ય શ્રીમોટાના તમામ પુસ્તકોની પ્રસ્તાવનાઓ અને બે બોલનું પુસ્તાકારે સંપાદન મેં તૈયાર કરેલું. અને તેની પ્રેમ નકલ પ્રેસને અપાઈ ગયેલી, તે પણ પાછી મંગાવાઈ. આમ તમારા ખાસ પ્રવૃત્તિઓ સંકેલાતી જતી હતી. ૧૯૭૬ની રામનવમી પછી તો પૂજ્ય શ્રીમોટાએ એમના કેટલાંક છેક જ નિકટના સ્વજનોને સખત રીતે આઘાત આપીને, પોતાના પાસે ન આવવા માટે કેળવ્યા હતા. પૂજ્ય શ્રીમોટાની આ તમામ ચેષ્ટાઓ સ્થૂળના ત્યાગની પ્રત્યક્ષ કેળવણીનો એક મહત્ત્વનો સૂચક પાઠ હતો.

જુલાઈ માસમાં ગુરુપૂર્ણિમા આવે. આ દિવસે પૂજ્ય શ્રીમોટા દક્ષિણ ભારતમાં ટ્રિચિનાપલ્લીમાં એન. ગોપાલદાસની પેઢી પર હોય. એ પછી કુંભકોણમ્‌ના હરિઃ ૐ આશ્રમમાં કેટલાક દિવસો ગાળે. છેલ્લા ઘણાં વરસોનો નિયમ ૧૯૭૬માં શ્રીમોટાએ તોડ્યો, ત્યારે દક્ષિણ ભારતના ચાહકોએ ગુજરાતમાં આવીને પૂજ્ય શ્રીમોટાને મળવાને વિનંતી કરી. પૂજ્ય શ્રીમોટાએ ગુરુપૂર્ણિમા ઉજવવાના હેતુથી કે સ્થૂળ રીતે મળવાના હેતુથી કોઈને પણ પોતાની પાસે નહિ આવવાનો સ્પષ્ટ આદેશ આપ્યો. પૂજ્ય શ્રીમોટા ગુરુપૂર્ણિમાને દિવસે ગુજરાતમાં હોય એવો આ પહેલો (અને છેલ્લો !) યોગાનુયોગ હતો. એટલે ગુજરાત અને મુંબઈ વસતા એમના ચાહકોએ પૂજ્ય શ્રીમોટાને

ગુરુપૂર્ણિમાના દિવસે મળવાનું મનોમન નક્કી કર્યું હતું. ત્યારે પણ તેઓશ્રીએ શ્રી નંદુભાઈ મારફત પત્રો દ્વારા ઘણા ચાહકોને મોટાને મળવા ન આવવા સ્પષ્ટ જણાવી દીધું. અને એ દિવસે - ગુરુપૂર્ણિમાને દિવસે તેઓ કોઈ અજ્ઞાત સ્થળે જ રહેશે એમ જણાવી દીધું - જેથી કોઈ એમની પાસે આવે નહિ ! પરંપરાના મોહને તોડવાની પૂજ્ય શ્રીમોટાની આ શિક્ષણકલા સર્વચાહકોએ કદર કરવા જેવી છે.

પૂજ્ય શ્રીમોટાને ૧૯૬૪થી પ્રોસ્ટ્રેટ ગ્લેન્ડનું દર્દ હતું. તે દર્દ ૧૯૭૬ની ગુરુપૂર્ણિમાના થોડાક દિવસ પહેલાં તીવ્ર થવા માંડ્યું હતું. પેશાબ કરવાની તકલીફ ઘણી જ વધી હતી. તા. ૧૧મી જુલાઈ ૧૯૭૬ના રોજ ગુરુપૂર્ણિમા હતી. એ દિવસે વહેલી પરોઢે સૂરત આશ્રમ છોડીને નીકળી જવાનો ઉપક્રમ હતો. પણ આગલી રાતથી મૂશળધાર વરસાદ ચાલુ થઈ ગયો હતો. સૂરતના એક પ્રશંસકે રૂપિયા પચીસ હજાર એકઠા કરીને ગુરુપૂર્ણિમાની સવારે આપવાની ઓફર કરેલી. તેનો પૂજ્યશ્રીએ સ્વીકાર કરેલો. એકઠી કરવા માંડેલી રકમ એકસઠ હજાર લગી પહોંચેલી અને પૂર્ણિમાની સવારની સભામાં જે આંકડો સત્તાણું હજાર સુધી પહોંચી ગયો.

તા. ૧૧મી એ ગુરુપૂર્ણિમાની વહેલી સવારે ચાર વાગ્યે, ધોધમાર વરસતા વરસાદમાં અઢીસોથી ત્રણસો માણસો ભારે હાલાકી વેઠીને પૂજ્ય શ્રીમોટાના દર્શને આવ્યા. તેઓશ્રીના શરીરની સ્થિતિ ઘણી જ ખરાબ હતી. તેઓશ્રી પલંગમાં સૂતા રહ્યા. સર્વ કોઈ પૂજ્ય શ્રીમોટાની બાજુમાંથી પસાર થઈને

વિદાય થવા લાગ્યા. નિશ્ચિત સમય થતાં જ પૂજ્ય શ્રીમોટાએ તૈયારી કરીને નીકળવા કહ્યું. ભારે વરસાદને લીધે રસ્તાઓ બંધ થઈ ગયા છે એવા સમાચાર આવ્યા. છતાં પૂજ્ય શ્રીમોટાએ તો નિશ્ચિત સમયે આશ્રમ છોડ્યો ! ચાર કલાક લગી વરસતા વરસાદે મોટર ઘુમાવવા છતાં કોઈપણ માર્ગ ન મળ્યો એટલે સૂરત આશ્રમે બપોરે ૧૨ વાગ્યે પાછા ફર્યા. અને બીજે દિવસે રસ્તો ખુલ્લો થયાના સમાચાર મળતાં જ સૂરત આશ્રમ છોડીને નડિયાદ આશ્રમે આવવા સવારે નીકળ્યા. ઘણી જ અગવડ વેઠીના તા. ૧૨મી એ સાંજે નડિયાદ આશ્રમે પહોંચ્યા.

સવારેમાં બે કલાક આશ્રમે નિયમિત આવનારને તા. ૧૩, ૧૪, ૧૫મી જુલાઈએ પૂ. શ્રીમોટાના મળતા પણ ખરા; પરંતુ તા. ૧૬મી જુલાઈએ તેઓશ્રીને પ્રોસ્ટ્રેટનું દર્દ ઉગ્ર બન્યું. પેશાબ સંપૂર્ણ બંધ થઈ ગયો. અને દોઢ દિવસ લગી પેશાબ થયો નહિ. ડૉ. કાન્તાબહેન રામભાઈ પટેલને લાગ્યું કે આ વખતે ડૉક્ટરને બોલાવવા જોઈએ. પણ પૂજ્ય શ્રીમોટાએ ડૉક્ટર બોલાવવાની સાફ ના પાડી. પેશાબ બંધ થવાથી પેશાબનું ઝેર છેક મગજ સુધી પહોંચતું. પરિણામે ક્વચિત જાગ્રતિ પણ ચાલી જતી. એક ડૉક્ટર તરીકે ડૉ. કાન્તાબહેને દર્દી શ્રીમોટાની સાફ ‘ના’ ને અવગણીને ડૉક્ટરને બોલાવવા નક્કી કર્યું. પણ એ દિવસે શેઢી નદીમાં ભારે પૂર આવેલું. આશ્રમની બહાર નીકળીને નડિયાદ જવાય એમ ન હતું. છતાં ખેતરો ખૂંદીને, નડિયાદના કીડીની સ્પેશ્યાલીસ્ટ ડૉ. વીરેન્દ્રભાઈ દેસાઈને પૂજ્ય શ્રીમોટાના શરીરની આ તકલીફ વિષે જાણ કરી. અને સાથે સાથે

આશ્રમમાં પહોંચવાની મુશ્કેલી જણાવી. ડૉક્ટરે તરીકે આશ્રમમાં જવાની તત્પરતા દર્શાવી. અને કષ્ટ વેઠીને તેઓ આશ્રમે આવ્યા. તા. ૧૭મી ને શનિવારે ડૉક્ટરે પૂજ્ય શ્રીમોટાને કૅથેટર મૂકી પેશાબ બહાર કાઢવા પ્રયત્ન કર્યો. બીજે દિવસે તા. ૧૮મીની સાંજે ડૉક્ટર વીરેન્દ્રભાઈ ફરીથી આવ્યા. અને તે સાંજે લગભગ બે લિટર જેટલો પેશાબ કાઢી શકાયો. તા. ૧૯મીએ સવારે પૂજ્ય શ્રીમોટાના ચહેરા પરથી સોજા ઓછા થયા. અને રાહત થતી હોય એવી ચિહ્નો વરતાયાં. તેમ છતાં મગજ પર ચઢેલું Toxin ઝેર ઓછું થયું હોય એવાં એંધાણ ઓછાં હતાં. તા. ૧૯મી જુલાઈએ તેઓશ્રીએ આશ્રમના લેટર હેડ માંગેલાં અને એના પર જે લખાણ લખેલું તેના અક્ષરો જોતાં પૂજ્ય શ્રીમોટાની શારીરિક સ્થિતિ ઘણી જ કથળેલી હોય એમ માની શકાય છે. છતાં લખાણ ઘણું જ સ્પષ્ટ છે. પેશાબનું ઝેર મગજ સુધી પહોંચ્યું હોય, આગળ બંને દિવસ દરમિયાનની ગંભીર સ્થિતિ રહેલી હોય, છતાં પથારીમાં સૂતાં સૂતાં પૂજ્ય શ્રીમોટાએ જે પત્ર લખ્યો છે - એ એમનામાં ‘જીવતાજાગતા ચેતન’નું નિદર્શન પૂરું પાડે છે.

તા. ૨૦ મી અને તા. ૨૧મી જુલાઈએ તો પૂજ્ય શ્રીમોટા સવારમાં પોતાને મળવા આવનાર સાથે વાતો કરતા હતા. પેશાબ થઈ જવાથી એમને ઘણું જ સારું થયું હોય એમ જણાતું હતું. સમયપત્રક મુજબ તા. ૨૨મી જુલાઈએ નડિયાદ આશ્રમથી શ્રી રમણભાઈ અમીનના ફાજલપુરના ફાર્મ-હાઉસમાં જવાનું હતું. તા. ૨૧મીએ સાંજે પૂજ્ય શ્રીમોટાએ

શ્રી રાજુભાઈને નડિયાદના આશ્રમમાં પોતાને ફેરવવા કહ્યું. પૂજ્ય શ્રીમોટાને વ્હીલ ચેરમાં બેસાડીને રાજુભાઈએ મોટાને આશ્રમમાં ફેરવ્યા ત્યારે ત્યાંનાં ફૂલછોડને તેમજ વૃક્ષોને તેઓશ્રીને બે હાથ જોડીને પ્રણામ કરતા હતા. પૂજ્ય શ્રીમોટાએ આ ક્રિયા એટલી સહજ રીતે કરેલી કે રાજુભાઈને પણ એનું વિસ્મય કે કૌતુક ન જાગ્યું. પછી તેઓશ્રીએ રાજુભાઈને કહ્યું : 'મારે ન્હાવા માટેનું આ ટબ છે તે જેમનું છે તેમને પાછું મોકલાવી આપજો.'

રાજુભાઈએ દલીલ કરી. 'મોટા, આપણે પાછા ફરીશું ત્યારે જોઈશેને ?'

પૂ. શ્રીમોટાએ કહ્યું : 'એ વખતે પાછું મગાવી લેવાશે !'

તારીખ ૨૨મી જુલાઈએ એ સમયપત્રક મુજબ પરોઢિયે ચાર વાગ્યે પૂજ્ય શ્રીમોટા તો તૈયાર થયા. વરસાદ ધોધમાર વરસતો હતો. થોડાક સમય વધુ રોકાઈ જવાનું સૂચન પણ થયું. પણ પૂજ્ય શ્રીમોટાએ કહ્યું : 'ગમે તેમ કરીને પણ નીકળવાનું જ છે !'

પૂજ્ય શ્રીમોટાને વરસાદથી રક્ષવા માટે તાડપત્રીનું છત્ર કરીને કારમાં સુવાડ્યા ! સાથે શ્રી રામભાઈ પટેલ અને રાજુભાઈ પટેલ અને ડૉ. કાન્તાબહેન પટેલ અને શ્રી નંદુભાઈ હતા. પૂજ્ય શ્રીમોટાની કારે ઝડપથી આશ્રમ છોડ્યો કે તરત જ આશ્રમની વીજળીના દીવા એકાએક બંધ થઈ ગયા અને અંધકાર ફેલાઈ ગયો. પૂજ્ય શ્રીમોટાને વિદાય આપતાં આશ્રમવાસીઓને કશાક અઘટિતનાં એંધાણ વરતાયાં. કેમ કે નડિયાદના આશ્રમની વીજળીલાઈન સ્પેશ્યલ ગ્રીડમાંથી લેવાયેલી

છે. નડિયાદમાં વીજળી બંધ થાય પણ હરિઃ ૐ આશ્રમમાં વીજળી બંધ ન થાય. (આ સંકેતને પૂજ્ય શ્રીમોટાના અનુભવનું એક સમર્થન મળે છે. તેઓશ્રી જ્યારે બનારસમાં હતા. ત્યાં જ્યારે એમની માતાની ગંભીર સ્થિતિના સમાચાર મળ્યા ત્યારે તેઓ પ્રાર્થનાભાવમાં હતા. એ પળે ઓચિંતો વીજળીનો દીવો બંધ થઈ જતાં, પોતાની માતાના શરીરનું અવસાન થયું એમ તેમને તાત્કાલિક ઊગી આવેલું ! )

સામાન્ય રીતે પરોઢિએ ચાર વાગ્યાથી આશ્રમની પ્રવૃત્તિ આરંભાય છે ત્યારે આમ એકાએક વીજળી બંધ થતાં વાતાવરણ અને કાર્ય સ્તબ્ધ બની ગયાં !

પૂજ્ય શ્રીમોટાએ દેહ છોડવાનો નિર્ણય તો તા. ૧૯મી જુલાઈએ જ લઈ લીધેલો ને એ હકીકતની જાણ માત્ર શ્રી નંદુભાઈને જ કરેલી. તા. ૨૨મીએ સવારે ફાજલપુર જતાં કારમાં નંદુભાઈને જણાવ્યું કે શ્રી રમણભાઈ અમીનને આ અંગે વાત કરીને સંમતિ મેળવી લેવાની ને જો કદાચ તેઓની આનાકાની કે ખચકાટ હોય તો સૂરત-આશ્રમ જઈને દેહ છોડવો. (સૂરત-આશ્રમ શહેરથી છ માઈલ દૂર છે.) ફાજલપુર પહોંચીને શ્રી નંદુભાઈએ શ્રી રમણભાઈને પૂજ્ય શ્રીમોટાએ સૂચવ્યા પ્રમાણે વાત કરી. આ હકીકત સાંભળતા જ પ્રથમ તો શ્રી અમીન સ્તબ્ધ બની ગયા. પણ એમણે તરત જ જણાવ્યું કે ‘ઘર પૂજ્ય શ્રીમોટાનું છે. તેમની ઈચ્છાનુસાર તેઓશ્રી કરી શકે છે.’

ત્યાં રાખેલા ટેબલ પર નંદુભાઈએ પોતાનું કામ શરૂ કરી દીધેલું હતું. વહેલી સવારે જ પૂજ્ય શ્રીમોટાએ પોતાના ચશ્માં,

ઘડિયાળ અને કંઠી શ્રી રામભાઈ પટેલ મારફત શ્રી નંદુભાઈના ટેબલ પર પહોંચાડ્યાં ! સામાન્ય રીતે તેઓશ્રી આ વસ્તુઓ પાસે રહેલ વ્યક્તિને સાચવવા આપે. કદી પણ શ્રી નંદુભાઈના ટેબલ પર આ વસ્તુઓ આવેલી નહિ. એથી શ્રી નંદુભાઈને કંઈક નવીન તો ભાસ્યું જ. શ્રી નંદુભાઈ પૂજ્ય શ્રીમોટા પાસે ગયા.

પૂજ્ય શ્રીમોટાએ પોતાનો નિર્ણય જણાવ્યો, કે આજે ચાર વાગ્યા પછી હું દેહ છોડવાની પ્રક્રિયા શરૂ કરીશ. મને કોઈએ બોલાવવો નહિ - સ્પર્શ કરવો નહિ.

શ્રી નંદુભાઈએ કહ્યું : 'મોટા, થોડોક વધુ સમય પસાર કરો.' અને તેમણે દલીલ કરતાં કહ્યું : 'વરસાદ ઘણો છે. દેહનો અગ્નિસંસ્કાર કરવો ફાવે નહિ !'

પૂજ્ય શ્રીમોટાએ કહી દીધું કે, 'અગ્નિસંસ્કાર કરવાનું ન ફાવે તો દેહને નદીમાં નાંખી દેજો' અને અંગ્રેજીમાં ભારપૂર્વક બોલ્યા કે આ હવે ચરાનો વિષય નથી !

આ સાંભળી કોઈ કશું જ બોલ્યા નહિ. પૂજ્ય શ્રીમોટાનો તથા આશ્રમવાસીઓનો સવારે ૧૦ વાગ્યે જમવાનો નિયમ... પૂજ્ય શ્રીમોટા એ દિવસે તે સમયે જમ્યા નહિ. બાકીનાં સૌએ જમી લીધું. શ્રી રમણભાઈ જમીનો ઓફિસે ગયા. બપોરે ત્રણ વાગ્યે શ્રી રમણભાઈ અમીન ફાજલપુર આવ્યા. ત્યારે તેમનાં સંતાનો ફાજલપુર હતાં. પૂજ્ય શ્રીમોટાએ તેઓ સાથે વાતો કરી. ખબર અંતર પૂછ્યા. ફાજલપુરમાં પૂજ્ય શ્રીમોટા હોય ત્યારે પરિવારના સભ્યો આવે ને મળી જાય. સંતાનો વિદય થયાં. કોઈને કશું જ જણાવવામાં આવેલું નહિ. પૂજ્ય શ્રીમોટા

વરંડામાં સૂતેલા. બરાબર ચાર વાગ્યે તેઓશ્રીએ કહ્યું : 'મને હવે અંદર લઈ જાઓ.'

સૂવાના ઓરડામાં પૂજ્ય શ્રીમોટાને સુવાડ્યા પછી તેઓશ્રીએ એકલા શ્રી નંદુભાઈને બોલાવ્યા અને પોતાની પાસેનાં લખેલાં પાનાં આપ્યાં, તેઓશ્રીએ આ પાનાં પરનું લખાણ બપોરનાં ત્રણ વાગતાં પહેલાં લખેલું. એ લખાણ તેઓશ્રીએ સૂતાં સૂતાં પડખું ફેરવીને લખેલું હતું. અને બીજી કેટલીક લખેલી ચિઠ્ઠિઓ આપી. પાંચ-સાત મિનિટ શ્રી નંદુભાઈ સાથે વાતો કરી. એ પછી બીજા પાંચેય જણને બોલાવ્યાં - (૧) શ્રી રમણભાઈ અમીન. (૨) શ્રી રામભાઈ પટેલ. (૩) શ્રીમતી ધીરજબહેન અમીન (૪) શ્રીમતી ડૉ. કાન્તાબહેન પટેલ (૫) શ્રી રાજુભાઈ પટેલ. એ વખતે શ્રી નંદુભાઈએ પૂજ્ય શ્રીમોટાને પૂછ્યું : 'મોટા, તમને પેશાબ માટે આ કૅથેટર મૂકી છે - અને પ્લાસ્ટિકની કોથળી બાંધી છે તે કાઢી લઈએ ?'

પૂજ્ય શ્રીમોટાએ 'ના' કહીને જણાવ્યું કે 'એને ન કાઢશો. એ તો મારી જીવનસંગિની છે !' પછી છેલ્લે માત્ર એટલું જ કહ્યું : 'હવે મને બોલાવશો નહિ અને અડશો નહિ, તમારે બહાર જવું હોય તો બહાર જઈ શકો છો.' આમ કહી બરાબર ૪-૨૦ મિનિટે તેઓશ્રીએ આંખ મીચી. શ્રી નંદુભાઈ પૂજ્ય શ્રીમોટાના માથા પાસે એક સ્ટૂલ પર બેસી આંખો બંધ કરી, 'હરિઃ ૐ'નો જપ કરવા લાગ્યા. આઠ કલાક પસાર થયા ત્યારે શ્રી નંદુભાઈને સહજ પ્રેરણા થઈ ને લાગ્યું કે પૂજ્ય શ્રીમોટા ૧-૩૦ વાગ્યે શરીર ત્યજી દેશે ! શ્રીઅરવિંદે પણ ૧-૩૦ વાગ્યે શરીર ત્યજેલું. એ

દિવસે પણ શુક્રવાર હતો. એમને પણ પ્રોસ્ટ્રેટનું જ દર્દ હતું.

રાતના સાડા બાર વાગ્યે ડૉ. કાન્તાબહેને પૂજ્ય શ્રીમોટાની નાડીના ધબકારા ગણ્યા. ૩૦-૩૫ સુધીના નાડીના ધબકારા હતા. બરાબર ૧-૨૫ વાગ્યે નાડીનો ધબકાર બંધ થયો એમ નોંધાયું - તરત જ સ્ટેથસ્કોપની હૃદય ધબકાર જોયા તો હૃદય બંધ પડી ગયેલું. પૂજ્ય શ્રીમોટાના હોઠ સહેજ ખુલ્લા થઈ ગયેલા. એ સિવાય શરીરમાં ક્યાંય ખેંચ - કે બીજું ઉગ્ર ચિહ્ન નહોતું વરતાયું ! સવારે ૭ ને દસ મિનિટ લગી શરીરમાં કશો જ ફેરફાર થયો ન હતો. જે સંદેશાઓ અને પત્રો મોકલવાના હતા તે શ્રી નંદુભાઈએ લખવાની શરૂઆત કરી. વહેલી સવારના ૧-૩૦ થી ૫-૩૦ લગી એ સંદેશાઓને લખવાનું કામ શ્રી નંદુભાઈએ કરેલું.

શ્રી રમણભાઈનું ફાર્મ હાઉસ મહી નદીની ઊંચી ભેખડ પર છે. એ ભેખડ ઉપર બાંધેલો ઓવારો ગયા વરસે તૂટી ગયેલો. આ વખતે નદીએ જવાની કેડી ૧૯૭૬ના મે મહિનામાં જ અઢી ફૂટ જેટલી પહોળી કરાવેલી. પહેલાં આ જગાએથી નદીના કિનારે આવવા ઊતરવા માટેની સાંકડી કેડીનો માર્ગ હતો. આ માર્ગ પહોળો બનાવાતાં પૂજ્ય શ્રીમોટાના શરીરને ઊંચકીને બે-બે માણસો સરળ રીતે ઊતારી શક્યા હતા. એ પહેલાં શબને નવડાવવાનું સૂચન થયલું. પણ માત્ર ‘સ્પંજ’ કરવામાં આવેલું. ઘીનો દીવો કે અગરબત્તી પણ કરાયેલાં નહિ. કે નહોતું સુખડનું કાષ્ટ પણ.

લાકડાં એકઠાં કરીને, નદી કિનારાના ભાગનું લેવલિંગ

કરીને, ચિતા ગોઠવવાનું કામ ત્યાંના ફાર્મના વ્યવસ્થાપકે ઘણી જ કુનેહ-કુશળતાથી કરેલું. સવારે ૬-૧૦ મિનિટે (તા. ૨૩ મી જુલાઈ ૧૯૭૬) પૂજ્ય શ્રીમોટાના શરીરને ચિતા પર સુવાડ્યું. ત્યારે શ્રી રામભાઈએ કહ્યું કે 'મોટા તો નાગાબાવાની જમાતના - એમણે તો સંસારીનો વેષ ધારણ કરેલો, માટે આટલી લુંગીની પણ શી જરૂર?' રામભાઈની આ વાત સ્વીકારાઈ અને પૂજ્ય શ્રીમોટાને વીંટાળેલી લુંગી લઈ લેવાઈ. અંતિમ અગ્નિસંસ્કાર શ્રી રમણભાઈના હસ્તે થયો ! બે કલાક અને દસ મિનિટમાં પૂજ્ય શ્રીમોટાનો દેહ સંપૂર્ણપણે માટીમાં ભળી ગયો ! ચારેય ભાઈઓએ ફરમાન મુજબ અસ્થિ-રાખ વગેરે પાડવાથી ખેંચીને નદીમાં 'પૂરેપૂરાં' પધરાવી દીધાં !

સવારે ૯-૪૫ વાગ્યે જમીને સૌ વિખરાયાં. રમણભાઈ અને શ્રી ધીરજબહેન વડોદરે ગયાં. અને બાકીનાં ચાર જણ નડિયાદ આશ્રમે આવ્યાં. પહેલી કારમાં શ્રી નંદુભાઈ એકલા આશ્રમ કમ્પાઉન્ડમાં આવ્યા ત્યારે આશ્રમ વાસીઓમાં શ્રી મણિલાલ પટેલ, શ્રી ગોરધનભાઈ પટેલ અને સૌ. શાન્તાબાને ભારે આશ્ચર્ય થયું ! શ્રી નંદુભાઈએ ખબર આપ્યા કે, 'મોટાએ દેહત્યાગ કર્યો અને અમે એમનો અગ્નિસંસ્કાર કરીને પાછા ફર્યા છીએ.'

અને થોડીક ક્ષણોમાં હરિઃ ૐ આશ્રમ-નડિયાદ 'હરિઃ ૐ'ની ધૂનથી અને પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને આ સમાચારની જાણ કરતા પત્રો લખવાની પ્રવૃત્તિથી ધમધમી રહ્યો. આશ્રમના પ્રણેતા અને સૃષ્ટાના દેહવિલ પછી ભક્તિ અને કર્મ આટલી સાહજિકતાથી થતાં હોય એવું દૃશ્ય નજરે જોનારને વિસ્મયમાં

મૂકી દે એવું હતું.

આ લખનાર બપોરે ત્રણ વાગ્યે આશ્રમે પહોંચ્યા ત્યારે ઝાંપા બહાર કો'કે કહ્યું : 'બધું જ પતી ગયું !'

પૂજ્ય શ્રીમોટા જ્યાં સૂતા હતા એ ચોતરા તરફ હું વળ્યો. પૂજ્ય શ્રીમોટાનો પલંગ ખાલી હતો. છતાં હું જોઈ શક્યો - અનુભવી શક્યો કે અહીં કશું જ પતી ગયું નથી ! ખરેખર તો હવે જ ખરું કામ શરૂ થઈ રહ્યું છે!

ચાહક ભાઈ-બહેનો આવતાં ગયાં. પૂજ્ય શ્રીમોટાની સ્થૂળ હાજરીમાં પણ ભાવભર્યાં હૈયાં સાથે આંસુ છલકાતી આંખો જોવા મળતી હતી, તેવી આંખો આજે વધુ ભાવાવેગથી છલકતી હતી. અહીં બધાં જ કામમાં લાગી ગયેલાં. કેમકે ભાવને કર્મમાં વાળવાથી જ ભાવ પ્રતિષ્ઠિત થાય છે એમ પૂજ્ય શ્રીમોટાએ કહેલું છે. થોડીક વાર પછી પૂજ્ય શ્રીમોટાનો ફોટો લાવીને પલંગ પર મૂકવામાં આવ્યો ત્યારે તો જાણે એમ જ આશ્ચર્યપ્રશ્ન થયો કે : 'મોટા ક્યાં નથી ?'

---

તા. ૨૯-૩-૩૯ના રોજ પૂજ્ય શ્રીમોટાના શરીરનો ગુપ્ત ભાગ બળી ગયેલો. અને શરીર છોડ્યું ત્યારે પણ એ જ ભાગમાં કૅથેટર મૂકેલી હતી. પૂજ્ય શ્રીમોટાએ એને 'જીવનસંગિની' કહી. યોગાનુભવમાં પુરુષ શરીર પર બનતી આવી ક્રિયા અંગે યોગશાસ્ત્રના જાણકાર પ્રકાશ પાડીને એની યથાર્થતા સમજાવી શકે. આ સ્થૂળ ઘટના માત્ર યોગાનુયોગ નથી, પણ યોગાનુરૂપ છે.

❑ ❑ ❑

## ૩. પૂજ્ય શ્રીમોટાનો દેહત્યાગ

(૧)

પૂજ્ય શ્રીમોટાએ તા. ૨૩મી જુલાઈ ૧૯૭૬ના શુક્રવારે વહેલી સવારે - તા. ૨૨મીની મધરાત પછી ૧-૩૦ વાગ્યે 'પોતાની મેળે' - દેહત્યાગ કર્યો. દેહોત્સર્ગના આ સમયનું સામ્ય શ્રી અરવિંદના દેહોત્સર્ગના સમય સાથે મળી રહે છે એ યોગાનુયોગ પણ દેહોત્સર્ગની ક્રિયા જેટલો જ રહસ્યમય છે. પૂજ્ય શ્રીમોટાના દેહોત્સર્ગ અંગેની ખાસ વિશેષતા એ છે કે તેઓશ્રીએ પોતાના અંતેવાસીઓ સમક્ષ લેખિત નિવેદન રૂપે આ વાત મૂકી અને આજે સમાજ પાસે આ ઘટના એક અધિકૃત પુરાવા રૂપે મોજુદ છે. પૂજ્ય શ્રીમોટાના દેહોત્સર્ગની આ ઘટનાને આમસમાજ એક ચમત્કારરૂપે લેખે; બુદ્ધિજીવીઓ આ ઘટનાને એક પ્રકારના મનોબળની સિદ્ધિરૂપે સ્વીકારે, પરંતુ આધ્યાત્મિક જીવનવિકાસ ઝંખતા જિજ્ઞાસુના અંતરમાં આ ઘટના કશાક અવનવા સંશોધન માટે પણ મથાવે એ સ્વાભાવિક છે. આ ઘટનાને પૂજ્ય શ્રીમોટાના શરીરના આયુષ્યના પટમાં બની ગયેલી અનેક ઘટનાઓના સંદર્ભમાં જોવી - સમજવી ઘટે.

--- --- ---

પૂજ્ય શ્રીમોટાના શરીરનો જન્મ ૧૮૯૮માં પાંચમી સપ્ટેમ્બરના રોજ થયેલો. આકરી અને કારમી ગરીબીને લીધે બાળપણથી જ કાળી અને સખત મજૂરી કરીને, ભણીને શરીર અને બુદ્ધિ કસેલાં હતાં. ચોવીસ વર્ષની યુવાન વયે, આકરી

ગરીબીને લીધે થતાં અપમાનોથી હરિજન સેવાનો સંકલ્પ કરેલો. એથી સમાજમાંથી આવતા આઘાતોથી, તેમજ કુટુંબના ભરણપોષણથી જવાબદારી ટૂંકા પગારમાં અદા કરવાની ચિંતાથી શ્રી ચુનીભાઈ - પૂ. શ્રીમોટાના શરીરને ફેફરું થયેલું. અને ચોવીસમે વરસે તેઓશ્રીએ એ શરીરને ગુરુડેશ્વરની ઊંચી ભેખડ પરથી નર્મદાના ઊંડા નીરમાં ફેંકેલું - શ્રી ચૂનીભાઈનો (એ વખતે તેઓશ્રી 'મોટા' નહોતા !) શરીરત્યાગનો એ વખતનો સંકલ્પ કશીક ચમત્કારિક ઘટનાથી ફળીભૂત થયો નહોતો. જો મનોબળ એ જ દેહત્યાગ માટે પૂરતું બળ ગણાતું હોય તો બાવીસમે વરસે પણ શ્રીમોટાનું શરીર છૂટી ગયું હોત ! પરંતુ શરીરત્યાગનો એ સંકલ્પ મનની નિર્બળતામાંથી, ચિત્તની વિહ્‌વળતામાંથી જન્મેલો હતો. પરંતુ દેહત્યાગની આ નિષ્ફળતામાંથી એક ગૂઢ અને રહસ્યમય સંકલ્પ જન્મેલો - કે 'હું 'કશાક' ને ખાતર છું !' પરિણામે તેઓશ્રીને 'હરિઃ ૐ' નું સ્મરણસાધન પ્રાપ્ત થયું.

--- --- ---

પૂજ્ય શ્રીમોટાના શરીરને એ પછી સર્પદંશ થયો હતો. બોદાલ આશ્રમે આ ઘટના બની હતી. એ વખતે પૂ. ઠક્કરબાપા તથી શ્રીકાન્ત શેઠ એમની બાજુમાં જ હતા. એ વખતે સર્પદંશથી શરીર છૂટવાની તૈયારી હતી. સર્પનું ઝેર ફેલાતું હતું. પણ 'હરિઃ ૐ'ના જપ મોટેથી થયે જતા હતા. પૂજ્ય શ્રીમોટાએ એ વખતે જપનું સાતત્ય અઢાર કલાક લગી પોતાના સાધનાભ્યાસ દ્વારા સિદ્ધ કરેલું હતું. સર્પદંશથી એમના શરીરને ઉગારવાનો ઉપચાર કરવાનું ઘણું જ મોડું થયેલું. છતાં

આણંદમાં આવેલી ડૉ. કૂકની હોસ્પિટલમાં એમની સારવાર થઈ ત્યાં લગી એમનું શરીર ટકી શકેલું.

--- --- ---

પૂજ્ય શ્રીમોટાના શરીરની સારવાર કરતાં, એમની હોજરીમાંથી જે ઝેર કાઢવામાં આવ્યું હતું એનો પેથોલોજિકલ રિપોર્ટ તથા ડૉક્ટરની નોંધ આજે પણ ડૉ. કૂકના દવાખાનામાંથી મળવા સંભવ છે. ઝેરની ઉગ્રતા-કટુતાની નોંધ જોતાં એમ જણાવાયેલું છે કે આ અવસ્થામાં કોઈપણ વ્યક્તિ જીવી શકે નહિ. પૂજ્ય શ્રીમોટાના જીવનની આ ઘટનામાં પણ કશુંક દિવ્ય-ગૂઢ રહસ્ય રહેલું જ હતું ! પૂજ્ય શ્રીમોટા કહેતા કે, મને સર્પદંશ થયો એ પ્રભુની કૃપા હતી. એવિના અખંડ નામસ્મરણનો અનુભવ ન થાત !

પૂજ્ય શ્રીમોટાના સાધનામય જીવન દરમિયાનની આ ઘટના એમના અંતિમ દેહત્યાગની ભૂમિકારૂપે અનેક સંકેતો સ્પષ્ટ કરે છે. એ વખતે પૂજ્ય શ્રીમોટાએ એવો સંકલ્પ કરેલો કે મારે શરીર છોડવું નથી ! કેમ કે જીવનનું ધ્યેય સિદ્ધ થયું નથી ! આ કથન એવી પ્રતીતિ કરાવે છે કે, મનોબળ કે સંકલ્પશક્તિ શરીરને મરવાની પળે પણ ટકાવી રાખી શકે છે. એટલું જ નહિ પણ મૃત્યુ થવું અનિવાર્ય જ હોય છતાં જીવન લંબાવી શકાય છે. પૂજ્યશ્રી મોટાનું શરીર આ ઘટના પછી તો લગભગ અડતાલીસ વર્ષ ટક્યું છે !

અખંડ નામસ્મરણની સિદ્ધિ પછી પૂજ્ય શ્રીમોટાના સાધનામય જીવનમાં ઝડપી ઊર્ધ્વગતિ થવા લાગી હતી. પછી આશરે એક જ દસકામાં તેઓશ્રીએ પરમપદની પ્રાપ્તિ કરી

લીધી હતી ! આ દસકા દરમિયાન પૂજ્ય શ્રીમોટાનું શરીર છૂટી જાય એવી એક નોંધપાત્ર ઘટના બનેલી. હિમાલય નિવાસી એક અઘોરીબાબાએ એમના પર એક પ્રયોગ કર્યો હતો. એ વખતે પૂજ્ય શ્રીમોટાનું શરીર ગુરુકૃપાથી છૂટી શક્યું નહોતું !

(૨)

ઉપર આલેખાયેલી ત્રણેય ઘટનાઓ પૂજ્ય શ્રીમોટાના અંતિમ દેહત્યાગની ભૂમિકા રૂપે જોતાં એટલું સિદ્ધ કરે છે કે અંતિમ દેહત્યાગ એ માત્ર આપણે માનીએ છીએ એ પ્રકારના મનોબળ કે સંકલ્પબળનું જ માત્ર પરિણામ હોઈ શકે નહિ. પૂજ્ય શ્રીમોટાએ તા. ૧૯મી જુલાઈ ૧૯૭૬ના રોજ લખેલા પત્રમાંનો એકેએક શબ્દ એમના દેહત્યાગની રહસ્યમયતાને વિલક્ષણ રીતે છુપાવી રાખે છે. (આ પત્ર આ પુસ્તકના પૂંઠા પર છપાયો છે) શ્રેયાર્થી સાધકે એના હાર્દને પામવાનો પુરુષાર્થ કરવો રહ્યો. કેમકે સાધનામય જીવનનું ગુરુશિખર કેવું હોઈ શકે એનો મહિમા મથતા શ્રેયાર્થીનું દિલ જ કરી શકે !

જીવમાત્રનું શરીર, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ આદિ કરણોથી સક્રિય થતું હોય છે. પરંતુ સાધનામય જીવનની અનેક કક્ષાઓ સિદ્ધ કરતાં કરતાં જ્યારે એ કરણોમાં પ્રભુનો ભાવ પ્રતિષ્ઠા પામે છે ત્યારે એવી વ્યક્તિની ક્રિયાઓ જીવદશાવાળા સામાન્ય જનસમાજ માટે ક્યારેક ક્યારેક ચમત્કાર લાગે છે ! બુદ્ધિશાળીઓ માત્ર જીવદશાની બુદ્ધિના કરણથી એનું અવમૂલ્યન પણ કરી નાંખે તો બહુ નવાઈ પામવા જેવુંય નથી. પરંતુ શ્રેયાર્થી માટે તો આવી રહસ્યમયતાનું પૃથક્કરણ

એક કશોક નવો ઝબકારો બની રહે છે.

પૂજ્ય શ્રીમોટાએ ૧૯૨૨ થી ૧૯૩૯ સુધી અઢાર વર્ષ લગી તપસ્યા કરી. અને તેઓશ્રીએ ૧૯૩૪માં ઈશ્વરના સગુણરૂપનો સાક્ષાત્કાર કર્યો. એ પછી ઓગણત્રીસમી માર્ચ ૧૯૩૯ના રોજ રામનવમીના દિવસે અદ્વૈતનો સાક્ષાત્કાર થયેલો. ૧૯૩૪માં પૂજ્ય શ્રીમોટાને જે અનુભવ થયેલો એનું વર્ણન તેઓશ્રીએ લખ્યું છે. આ વર્ણનમાં એમના આધારમાં - એમના શરીરના કરણોમાં - કેવી શક્તિ પ્રતિષ્ઠા પામી એનો ખ્યાલ કોઈ પણ મથતો સાધક પામી શકે એવા હેતુથી એ વર્ણન નીચે ઉતાર્યું છે.

'કૃષ્ણ બે ત્રણ વાર જણાયા હતા. દર્શન થયાં હતાં. તે કૃષ્ણ મુરલીધારી ને એવી રીતના નહિ, તેમ આ પાર્થિવ શરીરનાં તત્ત્વોના પણ નહિ. છતાં પરમ સૌન્દર્યથી છલોછલ ભરપૂર અને અપાર તેજના અંબારથી ભરેલા સદેહી કૃષ્ણનાં તે દર્શન હતાં. તે બધું જ સૌંદર્યમય હતું. સૌંદર્ય જ સૌન્દર્ય. અવર્ણનીય તે દર્શન હતું.'

તે સ્વરૂપ એટલું ને એવું તો મનોહર ને હૃદય આકર્ષક હતું કે જેના આકર્ષણની તોલે બીજા કશાની પણ કલ્પના આવવી શક્ય નથી. તે મુલાયમ, અપારદર્શક સ્ફટિક જેવું ખૂલતું નીલવર્ણરંગી જીવંત દર્શન હતું. દર્શન સ્થિર નહોતું. રમતું, હાલતું, ચાલતું, પળમાં પાસે આવતું ને પળમાં થોડેક દૂર પણ જતું લાગતું. તો વળી પળમાં શરીરની અંદર પણ પેસી જતું અનુભવાતું. ને તે આધારના જુદાં જુદાં મનાદિ કરણોને સ્પર્શતું ને ત્યાં કંઈક સૂક્ષ્મ પ્રક્રિયા કરતું હોય તેવું

લાગ્યા કરતું. ક્યાંક ક્યાંક તો તે અંદર પ્રવેશી તેનું તેનું સમારકામ કરતું પણ અનુભવાતું. ભૃકુટિ ને બિરાજેલું પણ અનુભવાતું હતું. સમગ્ર આધાર તપ્તવર્ણી ને પૂર્ણપ્રકાશથી આલોકિત થયેલો જણાતો હતો. પોતે પોતાને પણ અનુભવી શકાય એવી ભૂમિકા પણ અનુભવાતી હતી. (સાક્ષીભાવ), તો કોઈક પળોમાં તેનો વિસ્તાર પણ અનુભવાતો હતો.

કૃષ્ણનું તે અલૌકિક દર્શન એટલું તો અદ્ભુત, રોમાંચક, મુગ્ધ, સ્નિગ્ધ, કોમળ હતું કે ન પૂછો વાત ! સમગ્ર શરીર તો વજન વગરનું બની ગયેલું હોય એવું લાગતું હતું. ને અદ્ધર અદ્ધર જ હોય એવું પણ લાગતું. તેની અસર ચિરસ્થાયી સમગ્ર આધારમાં ને તેના કરણોમાં રહ્યા કરેલી અનુભવાયા કરેલી. ને એની અસર તે પછીથી 'એ'ની કૃપાથી ચિરસ્થાયી નીવડેલી છે.

આ અનુભવ પૂજ્ય શ્રીમોટાના આધારમાં જ ચિરસ્થાયી બન્યો હતો. તે સમયે શરી વજન વિનાનું હોય એવું અનુભવાતું હતું. પરંતુ આ અનુભવ જ પર્યાપ્ત બનતો નથી. પૂજ્ય શ્રીમોટાએ પોતે જ એ અંગે લખ્યું છે કે -

“આ અનુભવ પછીથી સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ ને દિવ્યપ્રદેશોના વિઘ્નો નહોતાં પ્રગટેલાં એવું કશું નથી. એવું બધું તો થયાં કરેલું હતું. પણ તે દિવ્યકૃપાની મદદથી તેમનું નિવારણ થઈ શક્યું હતું.

આવાં તેનાં કૃપામય મંગળ દર્શન અનુભવ પછીથી આધારના કેન્દ્રમાં કોઈક અવર્ણનીય પલટો આવી ગયેલો અનુભવાતો હજો. જે પછી તો કાયમ જ રહ્યો અને ઉત્તરોત્તર

જીવંતપણે વધારે પ્રકાશિત, જ્વલંત પ્રગટતો રહ્યા કર્યો હતો.''

એવાં પરમદર્શનની પ્રાપ્તિ પછીથી તેનું મુગ્ધ અને આહ્‌લાદકારક પરમ ચૈતન્યથી વિલસતું હૃદયંગમ આકર્ષણ એટલું બધું તો સજીવ અને ચેતનાત્મકપણે જીવનમાં પ્રગટે છે કે તેનું સાતત્ય પછી કદી પણ તૂટી શકતું નથી.

આ સગુણ બ્રહ્મની પ્રાપ્તિમાં (અનુભવમાં) નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિનો સમાવેશ થઈ જ જાય એમ નથી.

તે પછી નિર્ગુણ બ્રહ્મનો અનુભવ કેવો હોય એ અંગે પૂ. શ્રીમોટાએ લખ્યું છે કે :-

'૧૯૩૯ના માર્ચની રામનવમીની રાત્રે કાશીમાં અદ્વૈત સાક્ષાત્કારનો અનુભવ થયેલો. જાણે અનેક કોટિ સૂર્યનો પ્રકાશ આજુબાજુ પથરાઈ જઈને શરીરમાં પણ પ્રવેશ્યો. ત્યારે મહાસમાધિમાં ઊતરી જવાનું બનેલું.' સમાધિમાંથી જાગતાં જોયું તો શરીરનો ગુહ્ય ભાગ અને તેની આજુબાજુનો ભાગ પણ બળી ગયેલો. જેની દવા બનારસ યુનિ.ના આયુર્વેદિક કોલેજના ડીન શ્રી પાઠકસાહેબ પાસેથી કરાવેલી.

એ અનુભવની વેળાથી, ત્યારથી જ મુક્તદશાની શરૂઆત થઈ ચૂકી. 'હું સર્વત્ર વિદ્યમાન છું.' એવી ચેતનાત્મક ભાવનાનો સર્વ પ્રકારે વિકાસ પ્રવર્તમાન હતો અને છે.

(૩)

પૂજ્ય શ્રીમોટાના અંતઃકરણો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ આદિમાં સર્વવ્યાપકતાનો - રાસરાચરતાનો અને સર્વ સામર્થ્યનો ભાવ પ્રસ્થાપિત થયો. એ પછી તેઓશ્રીએ સ્વીકારેલાં અને સિદ્ધ કરેલાં સૂક્ષ્મ સાધનો નામસ્મરણ, પ્રાર્થના,

ધ્યાન, ત્રાટક, સમાધિ આદિ સહજ બન્યાં હતાં.

પૂજ્ય શ્રીમોટાએ એક પદમાં એવું લખ્યું છે કે "હજી સુધી શરીર દિવ્ય ભાવને સંપૂર્ણપણે સ્વીકારી શકે એવું કરણ બન્યું નથી !" આમ છતાં પૂજ્ય શ્રીમોટાનું શરીર - આત્મસાક્ષાત્કાર પછી અનુભવાતું માત્ર પાર્થિવ શરીર એકમાત્ર બહારના આધારરૂપ હતું. ૧૯૪૨માં પૂજ્ય શ્રીમોટા મુંબઈથી નડિયાદ આવતા હતા ત્યારે રેલવેના ડબ્બામાં બોંબ ફૂટેલો. એથી તેઓશ્રીની ધરપકડ કરી હતી અને નવસારીમાં ફોઝદારે તેમને સખત માર મારવાનું શરૂ કરેલું. તેઓશ્રીએ એક પળમાં પોતાના વસ્ત્રો કાઢી નાંખેલા. અને શરીરને મુક્તપણે મારવા સૂચવ્યું હતું. પૂજ્ય શ્રીમોટાના શરીરને માર પડતો હોવા છતાં તેઓશ્રી વિચલિત થઈ શકેલા નહિ ! આત્મતત્ત્વના સાક્ષીભાવનો તેઓશ્રીનો આ અનુભવ ઘણો જ વિરલ ગણાય !

વળી ૧૯૩૯ સુધી પૂજ્ય શ્રીમોટાનું શરીર ઘણું નીરોગી હતું. કઠોર અને અવિરત પરિશ્રમ અને રાત્રીઓના સાધનામય ઉજાગરા છતાં શરીરને રોગ થયો ન હતો. તેઓશ્રીના આહારવિહારમાં નિયમિતતા હતી. તેમ છતાં ૧૯૩૯માં સાક્ષાત્કાર પછી તેઓશ્રીને શરીરમાં અવનવા રોગનાં ચિહ્નો પ્રગટતાં. આત્માના ગુણધર્મોના વર્ણનમાં જેમ તાટસ્થ્ય એક મહત્ત્વનો ગુણ છે એમ તાદાત્મ્ય પણ મહત્ત્વનો ગુણ છે.

પૂજ્ય શ્રીમોટા પોતાને થતા રોગના ઉપચાર માટે ડૉક્ટરી સારવાર લેતા હતા. એમની સારવાર કરનાર ડૉક્ટરો પણ એમના શરીર પરના રોગોનાં વિચિત્ર અને પલટાતાં લક્ષણોથી વિસ્મય પામતા હતા.

પૂ. ગાંધીજીને પેશાબમાં ઝેર થયેલું. એના સમાચાર જાણ્યા કે તરત જ પૂજ્ય શ્રીમોટાના પેશાબમાંથી પણ ઝેર પ્રમાણાયું હતું. એ પછી તરત જ ગાંધીજીની તબિયતમાં સુધારો થયેલો ! આ ઘટના પૂજ્ય શ્રીમોટાના શરીર પર બની એના ઘણા જ સાક્ષીઓ હોવાથી તેઓશ્રીએ આ ઘટના લખેલી છે. પૂજ્ય શ્રીમોટાએ આત્માનંદ પછી શરીર પરના પ્રત્યાઘાતો અંગે ઝાઝી વાતો જાહેર કરી નથી. કેમ કે સમાજનું આંતરિક સ્તર આવી ઘટનાઓને એના યથાર્થ રૂપમાં સમજવા જેટલું તૈયાર થયું નથી ! ક્યારેક ક્યારેક સહજ વાતો નીકળતાં પોતાના શરીર પરનાં આવાં લક્ષણોને 'ગતકડાં' શબ્દથી વ્યક્ત કરતા ! પૂજ્ય શ્રીમોટા પોતાના વિષેનું રહસ્ય ગોપાવનાર સમર્થ કલાધર હતા ! મારી દૃષ્ટિએ 'ગતકડાં' શબ્દ આધ્યાત્મિક રહસ્યમય શબ્દ 'લીલા'નો જ ગામઠી પર્યાય છે. જે કાંઈ સહજ રીતે 'બનતું' એનાં ચિહ્નો શરીર પર પ્રગટતાં !

પૂજ્ય શ્રીમોટાએ અંતઃસત્વનો-અંતરાત્મનો ઉપયોગ હરિઃૐ આશ્રમના મૌનમંદિરોમાં જીવોને જાગ્રત કરવા કર્યો છે. ૧૯૩૯ થી ૧૯૪૭ સુધી જે કોઈ જિજ્ઞાસુ ઝંખે એને જાગ્રત કરવા પ્રેરતા. ૧૯૪૭માં હરિઃ ૐ આશ્રમો માટેનો સંકલ્પ જાગ્યો અને એ આશ્રમોમાંના મૌનખંડોમાં પૂજ્ય શ્રીમોટાની સક્રિય ચેતનાશક્તિ ઘણી જ માર્ગદર્શક અને પ્રભાવક બની રહી છે.

૧૯૬૧થી પૂજ્ય શ્રીમોટાએ સમાજને બેઠો કરવાનું જાહેર કર્યું. એ પછી તેઓશ્રીએ સ્થૂળ શરીર દ્વારા સમાજમાં ફરવા

માંડ્યું. ૧૯૬૨માં પૂજ્ય શ્રીમોટાના શરીરને મણકાનું દર્દ શરૂ થયું. એ પછી પંદર વર્ષ દરમિયાન ભારે વેદનાકારી દર્દો વધતાં જ ગયાં. માથામાં ઝામરનું દર્દ હતું. પરિણામે તલવારના ઝાટકા વાગે એવી વેદના સતત થયા કરે ! આંખોમાં ખીલ પડેલા તેથી નાઈટ્રિક એસિડ જેવી અગનબાળતી દવા નંખાવાતી. જોરદાર (એક્યુટ) દમ-અસ્થમા થયો. ટી.બી. થયો. ડાયાબિટીસ થયો. આ ઉપરાંત પ્રોસ્ટ્રેટ ગ્લેન્ડનું દર્દ તો હતું જ. હરસ-મસા પણ ખરા. આ સ્થિતિમાં પૂજ્ય શ્રીમોટાનું શરીર ચહેરા પરની પ્રસન્નતા, વ્યવહારમાંની મધુરતા, આયોજનની કુશળતા અને કાર્યપદ્ધતિનો વેગ દાખવતું સમાજની વચમાં ફરતું હતું. હજારો લોકોએ ‘મોટા’ને જોયા છે. પણ એમના શરીરને આટલા બધા રોગો હોય એવું કોઈએ માન્યું પણ નથી. છેલ્લા કેટલાક દિવસો તો તેઓ ઓક્સિજન સિલિન્ડર પાસે રાખીને ફરતા હતા.

જનકલ્યાણ માટે તેઓશ્રી પોતાના આવા શરીરે ફર્યા. તેઓશ્રીએ તા. ૧૯મી જુલાઈએ લખેલા પત્રમાં ‘હવે આ શરીર જનકલ્યાણના ખપમાં આવી શકે એવું નથી.’ એમ જણાવ્યું છે. આમાં ‘જનકલ્યાણ એક સૂચક અર્થવાળો શબ્દ છે. તેઓશ્રીના શરીર પર એમના એ પાર્થિવ દેહની કણેકણ રોગથી ભરાઈ ચૂકી હતી. અને હવે તેઓ સ્થૂલ સ્પર્શથી કે હાજરીથી ‘જનકલ્યાણ’નું કામ કરી શકે એમ નથી. કેમ કે શરીરે પોતાની સંપૂર્ણ મર્યાદા ખરચી નાંખી છે. દેહના કષ્ટોનો એ ભોગ જનકલ્યાણ કાજેની એક આનંદભરી તપસ્યા ખાતર હતો. માટે તેઓશ્રીએ એ શરીરનો “આનંદપૂર્વક” ત્યાગ કર્યો - તેઓશ્રીએ

પોતાના સર્વસ્વનો દેહ સુદ્ધાંનો જનકલ્યાણ ખાતર ત્યાગ કર્યો અને પ્રજામાં કલ્યાણની ભાવના વિષે જાગૃતિ આણી.

આપણે આગળ જોયું કે પૂ. મોટાને સાધનો સહજસિદ્ધ હતાં. તેઓશ્રીએ સૂક્ષ્મ-ગૂઢ ધ્યાનના એક સંકલ્પ પ્રયોગની બે ત્રણ ઘટનાઓ કેટલાક મિત્રો સમક્ષ પ્રગટ કરેલી. બનારસમાં ચોરને દાહ થયેલો તે ઘટના જાણીતી છે. આ પરથી એટલું સમજવાનું શક્ય બને કે પૂજ્ય શ્રીમોટાએ પોતાનો દેહ ત્યાગ કરતાં પહેલાં સહજસિદ્ધ એવા કોઈપણ ગૂઢ રહસ્યપૂર્ણ સાધનનો આશ્રય લઈ દેહત્યાગનો સંકલ્પ એમાં મૂક્યો હોય.

પૂજ્ય શ્રીમોટાનો દેહત્યાગ એ માત્ર તાર્કિક બુદ્ધિની સપાટી પરથી ન જોવાવો જોઈએ. આંતરિક શક્તિઓના વિકાસ અને તેના પરના સ્વામિત્વમાંથી જન્મતી સહજતાના સંદર્ભમાં જોવાવો જોઈએ. આધ્યાત્મિક જીવનનું આ એક ઘણું જ ઊંચુ શિખર છે.

❑ ❑ ❑

## ૪. દેહત્યાગ પૂર્વેની પળોમાં-


(૧)

પૂજ્ય શ્રીમોટાએ તા. ૨૩મી જુલાઈ ૧૯૭૬ના રોજ પરિઢિયે ૧-૩૦ વાગ્યે પોતાના પાર્થિવ દેહનો ત્યાગ 'પોતાની મેળે' કર્યો. તા. ૨૨મી જુલાઈએ સાંજે ચાર વાગ્યે તેઓશ્રીએ મૃત્યુનો સત્કારસમારંભ આરંભ્યો. એ પહેલાં તેઓશ્રીએ સાત પાનાંઓમાં કેટલુંક લખાણ લખેલું.

પૂજ્ય શ્રીમોટા કદરના કલાધર હતા. નાનું બાળક એમને પેન્સિલ લઈને આપે તોય એનો આભાર માનવાનું ચૂકતા નહિ.

પોતાના પૂર્વજીવનની આકારી અને કારમી ગરીબીમાં જે અવહેલના, અપમાનો, તિરસ્કાર, વગેરે સહ્યાં હતાં એનો બદલો તેઓશ્રીએ આખા સમાજની પ્રેમપૂર્વક કદર કરીને આપ્યો છે.

પૂજ્ય શ્રીમોટાએ એકાન્તમાં માત્ર છ જણની જ હાજરીમાં દેહ ત્યજ્યો. પણ એ પળે એમણે સૌ કોઈનાં કલ્યાણ માટે પ્રાર્થના કરી છે. તેઓશ્રીએ પહેલા પાના પર જે લખ્યું છે તેના શબ્દો આ પ્રમાણે છે :



**'જેમણે જેમણે મને મદદ કરી છે. મારું કામ કર્યું તેમનો તેમનો આભાર માનું છું. ભગવાન તેમનું યશ કલ્યાણ કરો.'**

આપણો આખો સમાજ જેનો હંમેશ માટે ઋણી છે એવા પૂજ્ય શ્રીમોટાએ આભારનો ભાવ વ્યક્ત કર્યો છે તેમાં એમની વિલક્ષણ કદરકલા રહેલી છે. તેઓશ્રીએ તો અકારણ પ્રેમભાવથી માનવસમાજની સેવા કરી છે. છતાં પોતે આભારની લાગણી વ્યક્ત કરે છે ત્યારે એમની સાથે સંકળાયેલાં સૌ કોઈની જવાબદારી-સમાજના અદનામાં અદના વર્ગ પ્રત્યેની સેવાની ઘણી જ વધી જાય છે ! આપણી પાસેથી સેવા લેનારે આપણો

આભાર માનવાનો ન હોય; કિન્તુ આપણને એની સેવા કરવાની તક આપી એ બદલ સેવા કરનારે સેવા લેનારનો આભાર માનવો જોઈએ. આ પ્રકારની કદરભક્તિ એક ઉચ્ચ પ્રકારની નમ્રતાનું લક્ષણ વ્યક્ત કરે છે. આવી પરમ નમ્રતા સત્પુરુષના હૃદયભાવ વિના બીજે ભાગ્યે જ કોઈ જગ્યાએથી જોવા મળી શકે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈને પણ એમ લખેલું છે કે દિવસમાં સેંકડો વખત મને એટલા બધા લોકોનું સ્મરણ થાય છે કેમ કે એ બધાંનો ઘણો બધો ઋણી છું ! કૃતજ્ઞતા અને કદરની આવી ઊંડી અનુભૂતિ અને અભિવ્યક્તિ વૈજ્ઞાનિક અને સંત પાસેથી મળે છે એ કેવો વિલક્ષણ યોગાનુયોગ છે !

પૂજ્ય શ્રીમોટા પાસે ઘણા પ્રકારના, ઘણા જ લોકો આવતા. અવનવી માગણીઓ પણ કરતાં. પોતાના આધિ, વ્યાધિ, ઉપાધિની વાતો પણ કરતાં. ત્યારે પૂજ્ય શ્રીમોટા કહેતા : 'ભાઈ, મારામાં કશી જ શક્તિ નથી. હું તો કશું જ નથી. પણ હું મારા ભગવાનને પ્રાર્થના કરીશ, હું તો એનો ગુમાસ્તો છું !' પૂજ્ય શ્રીમોટાની આ પ્રાર્થના કળા પણ તેઓશ્રીના રહસ્યમય ગૂઢ જીવનની અપૂર્વતા છે. એક વખત આ લખનારે પૂછેલું કે 'મોટા, તમે ભગવાનને પ્રાર્થના કરતાં શું કહો છો ?' – પૂજ્ય શ્રીમોટાએ એ પ્રાર્થના લખીને આપી. પછી એ વ્યક્તિ માટેની એ પ્રાર્થના ફળેલી. એનો આ લખનારને પ્રત્યક્ષ અનુભવ થયો છે. એ પછી પૂજ્ય શ્રીમોટાએ પત્ર લખીને જણાવેલું કે 'મોટા' પ્રાર્થના કરે છે ત્યારે Sincere અને honest હોય છે !

પૂજ્ય શ્રીમોટાએ સૌ કોઈને માટે ભગવાનને પ્રાર્થના કરતાં લખ્યું કે 'ભગવાન તેમનું યશકલ્યાણ કરો.' આ પ્રાર્થનામાં 'યશકલ્યાણ' એ મહત્ત્વનો શબ્દ છે ! જીવમાત્ર ઊર્ધ્વકક્ષામાં પ્રવર્તતો થાય એ એના જીવનની યશકલગી છે ! જીવનનો મહિમા આધ્યાત્મિક જીવનકક્ષામાં રહેલો છે. એ જ ખરું કલ્યાણ છે.


પૂજ્ય શ્રીમોટાની બીજી એક વિશેષતા છે. તેઓશ્રીએ સંખ્યાબંધ સ્વજનોને સંખ્યાબંધ પત્રો લખેલા છે. દરેક સ્વજનને 'પ્રિય' કે 'વહાલા' એવું સંબોધન કરતા અને પોતાની સહી કરતાં કદી પણ 'શુભેચ્છા', 'આશિષ' કે 'આશીર્વાદ' જેવા શબ્દો વાપર્યા નથી. તેઓશ્રી લખતા કે 'લિ. તમારા મોટાના ઘણાં ઘણાં વહાલ' કે 'લિ. તમારા મોટાના રામ રામ.'


પૂજ્ય શ્રીમોટા સાથે સંબંધમાં આવેલાઓ અથવા પરોક્ષ રીતે સ્મરણભાવથી પણ સંકળાયેલાઓએ 'મોટા'નું જ કામ કર્યું છે ! મતલબ કે તેઓશ્રી દ્વારા સમાજકલ્યાણનું ભગવાનનું જ કાર્ય થયું છે. એવું કર્મ સાચા અર્થમાં યજ્ઞ કર્મ બનેલ છે. કેમકે એના પ્રણેતા પૂજ્ય શ્રીમોટાની ભૂમિકા-અનાસક્તની છે. એમાં જેણે આહુતિ-તન, મન કે ધનથી આપી છે એણે કલ્યાણકૃત્ય કરેલું છે.


પૂજ્ય શ્રીમોટાની આ અંતિમ કદરકલા અને પ્રાર્થના આપણા અંતરની દૃષ્ટિ ખોલે અને સમાજ પરત્વેના ભગવાન પરત્વેના આપણા ઋણનું ભાન જગવીને, આપણને 'મોટા'ના કાર્યમાં સહભાગી થવા તત્પર અને સક્રિય બનાવે !

'મોટાનું કામ' પૂરું થયું નથી. હવે જ એમનું 'કામ'

ખરેખર શરૂ થયું છે. માનવમાત્ર પૂજ્ય શ્રીમોટાનું સ્વજન છે !







અમારાનું અમે છાનું રાખ્યું છે ના,
બધું ખુલ્લે ખુલ્લું સરળ સરળ રીતે લખેલું.
ન લખાયેલું, ન વિદ્વાનોએ ન કવિઓએ
કદી પણ ન લખેલું છે.
અમે અમારી મેળે તો કદી ના લખેલું છે.
કદી કોઈના કહેવાથી-ને પૈસા તેના દેવાથી
અમે એનું એમ લખેલું.

**કદી પણ ગુજરાતી સાહિત્યમાં ન લખાયેલું લખેલું.**
**('નિમિત્ત' 'શ્રદ્ધા' 'શ્રીસદ્‌ગુરુ' 'ભાવ' 'નિમિત્ત' 'રાગદ્વેષ' 'સ્વાર્થ')**
**એવું એવું કોઈને સૂઝેલં ન લખેલું.**
**તેનો જરા મારા પ્રભુને ફાળે જાય.**
**કદી વિચારને લખ્યું નથી.**
**દરેક કાવ્ય થોડાક વખતમાં લખેલું,**
**ને તે પણ લખાણના પૈસા મળેલા છે ત્યારે.**

તા. ૨૨-૭-૭૬ **મોટા**

પૂજ્ય શ્રીમોટાનું આ લખાણ તેઓશ્રીના લખેલા પુસ્તકો વિષે છે. પરંતુ એ દ્વારા તેઓશ્રીએ ઘણી જ મહત્ત્વની બાબતો પરત્વે આપણું ધ્યાન દોર્યું છે. (૧) પૂજ્ય શ્રીમોટાએ પોતાના સાધનામય જીવનનો ઈતિહાસ ૧૯૭૦ પછી લખાઈ રહેલા પુસ્તકોમાં વર્ણવ્યો છે. તેમાંય તેઓશ્રીએ જે પુસ્તકોનો ખાસ નિર્દેશ કર્યો છે. એમાં પોતાના અનુભવની કોઈ વાત એમણે છુપાવી નથી. પોતાના અંતરંગને સરળ રીતે સંપૂર્ણ ખુલ્લું કર્યું છે. તેઓશ્રીએ પોતાના લખાણમાં જે વ્યક્ત કર્યું છે એ બધું જ તેઓશ્રીના પરમ અનુભવની જ વાણી છે. પૂજ્ય શ્રીમોટાએ જે વિષયો પર લખ્યું છે તે વિષય પર આજ લગી કોઈ પણ વિદ્વાન કે કવિએ કશું જ લખ્યું નથી.

(૨) હવે આ જે સાહિત્ય રચાયું છે એનું પ્રેરકબળ કયું છે ? કયા પરિબળથી આવા અમૂર્ત અને ગહન વિષયને સ્પર્શ

કરવાનું બની શક્યું ? પૂજ્ય શ્રીમોટાએ પ્રયત્નપૂર્વક આ વિષયો પર લખ્યું નથી. કેમકે પ્રયત્ન કે વિચાર એ તો પ્રકૃતિના ક્ષેત્રનો ગુણધર્મ છે. પૂજ્ય શ્રીમોટા આત્મનિષ્ઠ છે. એમના સકળ કર્મો પાછળ એક વિલક્ષણ સહજતા હોય છે. આમ છતાં આ બધા વિષયો કો'ક જિજ્ઞાસુના અંતરમાં ચેતનાપ્રભાવથી સ્ફુર્યા. તેથી તેણે પૂજ્ય શ્રીમોટાને એ વિષય પર લખવા કહ્યું.

પૂજ્ય શ્રીમોટા સૂચનને અહંકારનું વ્યક્તરૂપ ગણે છે. આથી કોઈના સૂચનને તેઓશ્રી એમ ને એમ સ્વીકારી ન લે. માટે જે કોઈ સૂચન કરે તેને એ સૂચનને સાકાર કરવાની જવાબદારી ઉઠાવવાનું કહે. એથી સૂચન કરનારની અહંવૃત્તિ ફૂલીને ફાલે નહિ, પણ એક સદ્પ્રવૃત્તિમાં પ્રતિષ્ઠિત થાય. પરિણામે એ વૃત્તિ ઊર્ધ્વમુખી બની રહે. આથી પુસ્તક લખવાનું સૂચવનાર એ પુસ્તક છપાવવાના પૈસા આપે ત્યારે પૂજ્ય શ્રીમોટા એ પુસ્તક લખ્યા છે. વળી એ પુસ્તકના વેચાણની જે રકમ આવે તે પણ પૂજ્ય શ્રીમોટા સમાજકલ્યાણના કાર્યમાં જ સમર્પિત કરતા. આ રીતે સૂચન કરનારને પરમાર્થ યજ્ઞનો યજમાન બનાવી ભાગ્યશાળી કરતા.

(૩) પૂજ્ય શ્રીમોટાએ ગુજરાતી સાહિત્યમાં કદી પણ ન લખાયેલું હોય એવા વિષય પર લખ્યું છે. આવા ગહન વિષય પર તેઓશ્રીએ ટૂંકા ગાળામાં, પદ્યમાં લખ્યું-લખાવ્યું છે. પૂજ્ય શ્રીમોટાની પરાવાણીનો આ પ્રવાહ આપણા સૌનાં યશકલ્યાણ માટે અવતર્યો છે.

પૂજ્ય શ્રીમોટાએ પહેલા પત્રમાં માનવમાત્રના યશકલ્યાણ

માટે પ્રભુને પ્રાર્થના કરી છે. તો બીજા પત્રમાં એ યશકલ્યાણ માટે પ્રેરતી વાણીના સૃષ્ટા શ્રીભગવાનને તેઓશ્રીએ યશકલગી ચઢાવીને પ્રભુની કીર્તિ ગઈ છે. આ હકીકત એમ સૂચવે છે કે આ પુસ્તકની રચના માટે પ્રેરનાર કોઈ જિજ્ઞાસુ કે એના પ્રકાશન માટે પૈસા આપનાર કોઈ શ્રેયાર્થી-દાતા પૂજ્ય શ્રીમોટા દ્વારા થયેલા આ અક્ષરકાર્યનો યશભાગી નથી. આ પુસ્તકોમાં જે વાણીનું અવતરણ થયું છે એ સંપૂર્ણપણે પરમાત્મ અનુભવની-પરમાત્મની વાણી છે. માટે અક્ષરરૂપે વ્યક્ત થયેલી એ વાણી પ્રભુની છે. માટે તે પ્રભુને સમર્પિત થઈ છે.

આ વાણી પ્રભુની છે. એની પ્રતીતિ બે રીતે માણી શકાય. એક તો એનું પદ્યરૂપ-કવિતારૂપ છે. કવિતાને 'આત્માની અમૃતકલા' ગણવામાં આવે છે. એમાં અવિનાશી ભાવાનુભાવની કથા હોવાથી એ અ-મૃત છે. અને એમાં પરમ જીવનની રહસ્યમયતા રહેલી છે માટે એ કલા છે. બીજું, પ્રભુ સ્થળાતીત અને કાળાતીત પણ છે. પૂજ્ય શ્રીમોટાની રચનાઓ તેઓશ્રીના પાર્થિવ શરીરની જે મર્યાદાઓ સાથે લખાઈ છે-જે રીતે હરતાં ફરતાં, વાતો કરતાં, પ્રવાસ કરતાં કે હોસ્પિટલમાં સારવાર લેવાતાં - લખાઈ છે એ એના રચયિતાની સ્થળાતીત અવસ્થાની પ્રતીતિ કરાવે છે. વળી ગહન ભાવાનુભાવની વાણી બુદ્ધિની કક્ષાએ પામી શકાય એવી સરળ ભાષામાં આટલા ટૂંકાગાળામાં રચાઈ છે એ કાળાતીત આત્મતત્ત્વનું લક્ષણ વ્યક્ત કરે છે.


પૂજ્ય શ્રીમોટાએ સુલભ કરેલું જીવનના શ્રેયમાર્ગ માટેનું

આ પાથેય સાચા અર્થમાં પ્રભુના આશીર્વાદને પામવા માટે અનિવાર્ય છે.

પૂજ્ય શ્રીમોટાના આ બીજા પત્રમાં અધ્યાત્મની અપૂર્વતા જ સૂચવાઈ છે.

(૩)

ત્રીજો પત્ર પૂજ્ય શ્રીમોટાની વ્યક્ત જીવનકળાને પ્રગટ કરે છે. અને એ દ્વારા સાધનામય જીવનની સંસારમાં કેવી રીતે પ્રતિષ્ઠા થઈ શકે એનું 'જીવતું જાગતું' પોતાનું દૃષ્ટાન્ત પૂરું પાડે છે. સિદ્ધાન્ત સમજ્યા પછી એને પ્રયોગ દ્વારા સિદ્ધ કરીએ તો જ તે વ્યાપક રીતે અસરકારક અને ફળદાયી બની રહે. પૂજ્ય શ્રીમોટાએ સંસારને એક લાક્ષણિક રૂપકથી સ્પષ્ટ કર્યો છે. 'સંસાર જીવનવિકાસ કાજેની પ્રયોગશાળઆ છે.' - એમ તેઓશ્રીએ કહ્યું છે. સાધનામય જીવન વિષેનો વિચાર માત્ર જ રહ્યા કરે તો વિકાસ થતો નથી. માટે પૂજ્ય શ્રીમોટાએ આ પત્રમાં એક પ્રાયોગિક વ્યવસ્થા સમજાવી છે. આ પત્રના શબ્દો નીચે પ્રમાણે છે :



‘ઉમળકાથી અમે કરેલું છે,
નિરાશાને તો અમે સ્વપ્ને ન જાણી છે,
આવેલા કામને પૂરા હર્ષથી સ્વીકાર્યું છે,
ગુરુમહારાજ ઉરના આનંદથી પાળ્યો.’

જીવનના વિકાસ માટે-ઊર્ધ્વજીવન માટે જે સાધનનો સ્વીકાર કર્યો હોય એમાં દિલનો ઉમળકો હોવો જોઈએ. ગમે તેવી પરિસ્થિતિમાં નિરાશાને સ્થાન ન આપવું જોઈએ. આ બંને બાબતો ગરજ, લગની અને રસના લક્ષણો સૂચવે છે. આમ કરતાં જે પ્રાપ્ત કર્મ હોય એનો પૂરા હર્ષથી સ્વીકાર કરવાનો છે. જો આ સંસારમાં સાધનમય જીવનનો આવો પ્રયોગ થયા કરે તો ગુરુમહારાજ એવા શ્રેયાર્થીને માટે અભૂતપૂર્વ ચમત્કાર સર્જી આપે છે.

ગુરુમહારાજની કળા ન્યારી છે. પૂજ્ય શ્રીમોટાએ પોતાના પાર્થિવ દેહ દ્વારા જે અક્ષરદેહ અવતાર્યો એના છેલ્લા શબ્દો ગુરુમહારાજની મહત્તા અને મહિમા વર્ણવે છે. એના શબ્દો આ પ્રમાણે છે.

(પૂજ્ય શ્રીમોટાના હસ્તાક્ષરમાં પૂંઠા પર જુઓ)

**'ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી.**
**એ તો એમને કે આપણને ખપ પડે**
**માણસ જેવા થઈ આપણા આગળ થઈને**
**જે તે આપણું ઉકેલી આપે છે.**
**ખરે વખતે ખરા વખતના ભક્તનું ન**
**અટકી રાખે છે.**
**નિજના ભક્તનું કામ કદી પણ ન અટકાવે છે.'**

**મોટા**

ગુરુમહારાજ એ 'જીવતા' કે 'પ્રાણી' નથી એમ કહ્યું છે. કેમકે એ તો માત્ર માનવ કે અતિમાનવનું લક્ષણ હોઈ શકે. પરંતુ ગુરુમહારાજ એ 'ચેતન'નો પર્યાય છે. એમની કળા ન્યારી

છે. 'આપણું ગમે તે' ગુરુ કરી આપશે એવી વેવલી માન્યતાને દૂર કરીને, પૂજ્ય શ્રીમોટાએ સ્પષ્ટ કર્યું છે કે જ્યારે એમને એટલે કે ગુરુમહારાજને ખપ પડે - કે આપણને એમનો ખપ પડે (જો આર્તભાવે અને આર્દ્રભાવે આપણે દિલથી પોકાર પાડીએ તો) ત્યારે માણસ જોવા થઈ, આપણી આગળ થઈને તેઓશ્રી આપણું ઉકેલી આપે છે. ચેતન જ ગુરુમહારાજનું આવું વ્યક્તરૂપ લઈ શકે. કોઈ પ્રાણ ધારણ કરનાર જીવતા માનવીનું આવું ગજું નથી. આ પંક્તિઓ દ્વારા પૂજ્ય શ્રીમોટાએ સૌને માટેનું અભયવચન લખી આપ્યું છે.

છેલ્લી બે પંક્તિઓ તો પૂજ્ય શ્રીમોટાના ટકોરાબંધ શબ્દો જાણે પરમઆનંદના અનુભવની આરતી ઊતરતી હોય એમ આપણા કાનમાં રણકી રહે છે. ગુરુમહારાજના આવા ભક્ત થવું એ તો દોહ્યલું છે. જીવનની એ તો સર્વોચ્ચ અવસ્થા છે - આધ્યાત્મિક જીવનનું એ તો ગૌરીશિખર છે.

આમ છતાં આવા ચેતનનિષ્ઠ આત્માને દિલથી પાડેલો પોકાર એળે જતો નથી. પરંતુ એમની 'જે તે ઉકેલી' આપવાની કળા એમની કૃપા વિના કળાય નહિ !

❑ ❑ ❑

## ૫. - હવે અંતિમ આરંભ

આ પુસ્તકનું લખાણ પૂજ્ય શ્રીમોટામાં પ્રગટેલા પરમ-પ્રેમસ્વરૂપ ચૈતન્ય પ્રતિ અભિમુખ થવાના બૌદ્ધિક અભિગમમાંતી સ્ફુર્યું છે. માટે આ જ અર્થઘટન સત્ય છે એમ હું માનતો નથી. કેમકે સત્યને અનંત પાસાં છે. એ અનેક રીતે વ્યક્ત થતું હોય છે.

પૂ. શ્રીમોટાની દ્વંદ્વાતીત અને ગુણાતીત પ્રકારની અનુભવદશાના પ્રમાણો ઘણા જીવોએ અનુભવ્યા છે. પરંતુ તેઓશ્રીના સ્થળાતીત-કાળાતીત અનુભવનો-ચેતનની પરમશક્તિનો પ્રતીતિકર અનુભવ આપણને સૌને તેઓશ્રીના દેહત્યાગ પછી પ્રત્યક્ષ થયો છે.

આધુનિક કળિકાળમાં (પૂજ્ય શ્રીમોટા જેને 'પ્રપંચકાળ' કહે છે.) ધનસંપતિ પરની પકડ હળવી કરાવી, એ પ્રભુની શક્તિને-ધનને-પરમાર્થના માર્ગે વહાવવા પૂજ્ય શ્રીમોટાએ કેટલાં ભારે કષ્ટ ઉઠાવ્યાં છે ! ૧૯૬૨ થી ૧૯૭૫ લગી તેઓશ્રીએ ખૂબ જહેમત ઉઠાવી, 'સમાજને બેઠો કરવા માટે' રૂપિયા એક કરોડ એકઠા કરીને, સમાજને ચરણે ધર્યા.

જ્યારે તેઓશ્રીએ શરીર ત્યજ્યું એ પછીના માત્ર બે મહિનાના ગાળામાં લોકોએ ઉમળકાથી રૂપિયા બાર લાખ એકઠા કરી આપ્યા. તેર વરસમાં જેટલું કામ થઈ શકેલું એનું આઠમા ભાગનું કામ માત્ર બે જ મહિનામાં થઈ શક્યું છે અને હજીય ધાર્યું હોય, ન કલ્પ્યું હોય એવા પરિબળોમાં પૂજ્ય શ્રીમોટાની ચેતના સક્રિય થઈ રહી છે. સ્થળ અને કાળથી અતીત એવી

પરમ માંગલ્યકારી શક્તિ વિના આવી ઘટના બનવી શક્ય નથી !

‘એ તો એમને કે આપણને ખપ પડે ત્યારે માણસ જેવા થઈ આપણા આગળ થઈ જે તે આપણું ઉકેલી આપે છે.’ એ શબ્દોની પ્રત્યક્ષ પ્રતીતિ આ ઘટનામાં છે. ‘એમને ખપ પડતાં’ તેઓશ્રીએ સમાજોત્થાનના કાર્યને ઉકેલની દિશામાં આગળ ધપાવ્યું છે.

હવે એ કાર્ય દ્વાર ‘જે તે આપણું ઉકેલવા’ આપણામાં ‘મોટા’નું ઉત્થાન થાય એવો આપણા સૌનો પુરુષાર્થ બની રહે એવી એ પરમ માંગલ્યકારી પ્રેમરૂપા ચેતનાને ‘મોટા’ને પ્રાર્થના સાથે ચાલો છેવટનો આરંભ કરી લઈએ ! **હરિઃ ૐ**

❑ ❑ ❑

